
ॐ
મા
ॐ




ॐ
મા
ॐ

# આધ્યાત્મિક કેડી

તંત્રી - સંપાદક : કૈલાસબહેન એન. પરીખ

ॐ ભૂર્ભુવઃ સ્વઃ ॐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ॐ ॥

(વર્ષ ૨૧) એપ્રિલ - ૨૦૦૨ (અંક ૧)

॥ ॐ મા ॐ ॥ ॥ જય ગાયત્રી મા ॥ ॥ ॐ મા ॐ ॥

વર્ષ : ૨૧
અંક : ૧

# આધ્યાત્મિક કેડી

એપ્રિલ
૨૦૦૨

શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ : અમદાવાદ-૩૮૦૦૧૫.



## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧. | મંગલ મંદિર | ૧ |
| ૨. | ઉપાસના દિન - ૨૦૦૧ | ૩ |
| ૩. | કરિષ્યે વચનમ્ તવ | ૮ |
| ૪. | શ્રધ્ધા મૂઠીએમૂઠીએ વહેંચો છો તમે.. | ૯ |
| ૫. | મૃતાત્માઓની શાંતિ અને મુક્તિ યજ્ઞ | ૧૦ |
| ૬. | ઈંગ્લેન્ડની ધરતી પરે.. | ૧૩ |
| ૭. | ભાવોર્મિઓ | ૧૩ |
| ૮. | પશુઓને મળ્યા પરમેશ્વર | ૧૪ |
| ૯. | પશુનો પોકાર | ૧૮ |
| ૧૦. | ઉપાસના ભૂલશો નહિં | ૧૮ |
| ૧૧. | સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા | ૧૯ |
| ૧૨. | જ્ઞાનગોષ્ઠિ | ૨૦ |
| ૧૩. | તું મુલાકાતની રૂમમાં આવ | ૨૧ |
| ૧૪. | માતાજી દરવાજા પાસે જ ઉભાં હતાં | ૨૧ |
| ૧૫. | સ્વપ્નાનુભૂતિ "ચાલ તૈયાર થઈ જા" | ૨૨ |
| ૧૬. | સદ્‌ગુરૂને સથવારે... | ૨૩ |
| ૧૭. | ભક્તોની લેતા સંભાળ | ૨૪ |
| ૧૮. | પ્રભુતામાં પગલા માંડતી દીકરીને શિખામણ | ૨૬ |
| ૧૯. | લગ્ન કરવા જતા દીકરાને શિખામણ | ૨૬ |
| ૨૦. | માતાપિતાની છત્રછાયા | ૨૭ |
| ૨૧. | નાગોથાણે મહારાષ્ટ્રમાં કાર્યયજ્ઞ | ૨૭ |
| ૨૨. | દિવ્ય આદેશ | ૨૮ |
| ૨૩. | મહાશિવરાત્રી - ૨૦૦૨ | ૨૮ |
| ૨૪. | સમાચાર | ટાઈટલ-૩ |
| ૨૫. | વિદેશનો કાર્યયજ્ઞ | ટાઈટલ-૪ |


વાર્ષિક લવાજમ
રૂપિયા વીસ (૨૦/-)

卐

પ્રકાશક
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ,
**શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,**
'નીલોષા' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.

visit us at :
**www.rajyoginarendraji.com**

દ્વિ વાર્ષિક અંક એપ્રિલ અને ઓક્ટોબર

**આધ્યાત્મિક કેડી : એપ્રિલ - ૨૦૦૨** - R.N. 38405/82

મુદ્રક : ગાયત્રી ટ્રેડર્સ- રાધાવલ્લભજીના મંદિર પાસે, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૮. ફોન નં. : ૫૪૬૮૪૨૦

# (૧) મંગલ મંદિર

તા. ૯-૧૨-૨૦૦૧ પૂ. રાજયોગી નરેન્દ્રજી

**વ્હાલા ઉપાસક ભાઈઓ,**

માતાજીને શ્રધ્ધા ધામમાં નિવાસ કર્યે આજે બાર વર્ષ પૂરાં થયાં અને તેરમા વર્ષનો મંગલ પ્રારંભ થયો. શ્રધ્ધા ધામ પરમશક્તિ મા ભગવતીની પ્રત્યક્ષ ઉપસ્થિતિથી મહેંકી રહ્યું છે. ધબકતું રહ્યું છે. પરમશક્તિ મા ભગવતીનો જ્યાં નિવાસ હોય ત્યાં તેના સૂક્ષ્મ સ્વરૂપ સત્યમ્, શિવમ્, સુંદરમનો અનુભવ થયા જ કરતો હોય છે. આજના પાવન પર્વને આપણે ઉપાસના દિનનું નામાભિધાન કર્યું છે. ઉપાસના દિનનું હાર્દ જીવનની પ્રત્યેક પળમાં ગૂંથાઈ જાય તેવી પ્રાર્થના અને પુરુષાર્થ પ્રત્યેક ઉપાસકે કરવો જોઇએ.

ઉપાસના તો આપ સહુ હરરોજ કરતા જ હશો; પરંતુ ઉપાસનાનો મર્મ સમજવો જરૂરી છે ઉપાસના એટલે શું ?

ઉપાસના એટલે ઉપાસ્ય દેવ, પોતાના ઇષ્ટદેવનો સહવાસ કેળવવો, પરમનું સતત સ્મરણ રહેવું, વાસનાઓમાંથી ઉપરામ થવું એટલે કે મુક્ત થવું. શ્રધ્ધાધામમાં મા ભગવતીનું સાનિધ્ય માણવા ભાવિકો સંધ્યા સમયે શ્રધ્ધાકુટીરમાં આવે છે શાંતિનો, આનંદનો, હળવાશનો અનુભવ કરે છે. માતાજીની મીઠી, મમતામયી સુવાસભરીને, ધન્યતા અનુભવીને પરત પોતાના વ્યવહારમાં ગોઠવાઇ જાય છે. શ્રધ્ધાધામ ભાવિક ભક્તો માટે મંગલ મંદિર બની ગયું છે.

આપ સર્વે પણ આપની નિયમિત ઉપાસના-પૂજા, મંત્ર, જાપ, ભજન, કીર્તન, ધ્યાન વિગેરે માધ્યમ દ્વારા પરમાત્માની નજીક રહેવા પ્રયત્ન તો કરતા જ હશો. આપે પણ આપના ઘરમાં દેવસ્થાન તો રાખ્યું જ હશે. આપની ઉપાસના યંત્રવત્ ન બની જાય , નહિતર આપનું દેવસ્થાન, આપની ઉપાસના પધ્ધતિ જડ, અચેતન બની જશે. **આપની ઉપાસના ભાવનાઓથી ભરેલી, પ્રેમ, લાગણી સભર , ચેતનવંતી હોય તો જ આપના ઉપાસ્ય દેવમાં વિલસી રહેલ ચૈતન્ય તત્ત્વને આપ અનુભવી શકો. આપના ઇષ્ટદેવની પ્રત્યક્ષ ઉપસ્થિતિનો અનુભવ કરી શકો. આપનું દેવસ્થાન ચેતનવંતુ બની શકે, શાંતિનું ધામ - મંદિર બની શકે.**

મંદિર એટલે શું ? મનની અંદર પ્રવેશ કરવો, મનના દોરને કાબુમાં રાખવો, નિયંત્રિત કરવો. મન દ્વારા હૃદયસિંહાસન પર વિરાજીત પરમતત્ત્વ-આત્મા-શિવતત્ત્વ સમીપ આપણી સમગ્ર ચેતનાઓને વાળવી અને આપણી અંદર જ આપણા ચિત્તમાં સંગ્રહાયેલ અખૂટ ગૂઢ જ્ઞાન, કલા, શક્તિ અને સદ્ગુણોને પિછાની શકાય, કાર્યાન્વિત કરી શકાય, સમિષ્ટના શ્રેયાર્થે તેનો વિનિયોગ કરી શકાય.

જગતમાં જ્યાં જ્યાં જે કોઇ સંપ્રદાયોના ધાર્મિક સ્થળો છે મંદિર, મસ્જિદ, દેરાસર, ગુરૂદ્વારા ચર્ચ વિગેરેમાં પોતાના ઇષ્ટદેવનું પ્રતિક કે પ્રતિમા એક નિશ્ચિત સ્થાન પર રાખવામાં આવે છે જ્યાં ભાવિકો દર્શન કરે છે. મંદિરમાં બિરાજીત પ્રતિમાને મસ્તક નમાવી આપણે પરમના શરણમાં જવાનો ભાવ અભાનપણે પણ પ્રદર્શિત કરીએ છીએ. પરમના ચરણ સ્પર્શ દ્વારા પરમની દિવ્ય ચેતના-ઉર્જાને આપણી ચેતના-ઉર્જામાં સંક્રાંત કરી આપણી ચેતનાને સતેજ કરવાનો પ્રજ્વલિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ.

પરમના વરદ હસ્ત અને દિવ્ય દ્રષ્ટિ દ્વારા આપણા પર આશિર્વાદની કૃપા વરસતી રહે તે ભાવનાથી મંદિરમાં બિરાજીત ઇષ્ટદેવને વંદન કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ. આપણા શરીરરૂપી મંદિરમાં બિરાજીત ચૈતન્યતત્ત્વ આત્માને અને સ્થૂળ ગૂંબજધારી મંદિરમાં બિરાજીત ઇષ્ટની પ્રતિમાના ચૈતન્યતત્ત્વને આત્મસાત કરવા માટે આપણે આપણા મનનું સામર્થ્ય કેળવવું પડે.

**મનનું સામર્થ્ય કેવી રીતે કેળવી શકાય ?**

મનને સામર્થ્યવાન, સુદૃઢ, સુનિયંત્રિત બનાવવા માટે આપણે આપણી નજર સમક્ષ ઉત્તમ ધ્યેય, ઉત્તમ આદર્શ નક્કી કરવો પડે. મનને અંતરાત્માના નિયંત્રણમાં મૂકવું પડે, જેથી મનમાં વિવેક જાગે, વિવેક દ્વારા જ મન પોતાની પ્રચંડ શક્તિને પહેચાની શકે અને સુમાર્ગે વાળી શકે. ચિત્તમાં સંગ્રહાયેલ જ્ઞાન, કલા, શક્તિ સામર્થ્યને પિછાની શકે. **સત્સંગ, સાત્વિક વાતાવરણ, સ્વાધ્યાય, સદ્ગુરૂનું શરણ, સાનિધ્ય, માર્ગદર્શન તેમજ પરમની કૃપા જ આપના સાત્વિક પુરૂષાર્થને પુષ્ટ કરી શકે. બુધ્ધિના વિકાસની સાથે સાથે મનનો વિકાસ થાય, મન સુદૃઢ બને મનનો સંપૂર્ણ સહકાર બુધ્ધિને મળતો રહે તો જ મન માનવતાના મૂલ્યોને પિછાની શકે, આચરણમાં મૂકી શકે, માનવતા સભર મન જ મંદિર, તીર્થ ધામ, પરમાત્માનું નિવાસસ્થાન બનાવી શકે, બની શકે.**

રાગ, દ્વેષ અને અહમ્ભાવ મનના તરંગોને બહેકાવી મનને વિક્ષુબ્ધ, મલિન ન બનાવે તે માટે મંત્રજાપ, નામ સ્મરણના વારિથી મનને હંમેશાં સ્નાન કરાવતા રહો અને શુધ્ધ, સ્વચ્છ, સરળ રાખતા રહો. **આપણા સાત્ત્વિક ઉત્કર્ષની આડે આવતો આપણો અહમ્ અભેદ દિવાલ ન બની જાય તે માટે સતત જાગૃતિ રાખતા રહેવું પડે.** આપણી પ્રજ્ઞા - બુધ્ધિ આપણા મનથી પર છે. મનના માધ્યમ દ્વારા જ આપણે પુરૂષાર્થ કરી બુધ્ધિનો વિકાસ કરી જીવનના મહામૂલાં સત્યો શોધી શકીએ. બુધ્ધિના વિકાસ માટે સદ્વિદ્યાની પ્રાપ્તિ જરૂરી છે. વિદ્યાને પ્રાપ્ત કરવા માટે પણ મનને પ્રવૃત કરવું પડે; માટે સુદૃઢ સામર્થ્યવાન મન દ્વારા જ સુવિદ્યા પ્રાપ્ત કરી શકાય. જીવનમાં શુભ લક્ષ્મી, સુખ, શાંતિ અને સંતોષની પ્રાપ્તિ અને તેના સુમાર્ગે જનહિતાર્થે ઉપયોગ સુદૃઢ મન, સુવિદ્યા અને સદ્બુધ્ધિને જ આભારી છે.

આપણું મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર આપણા જન્મજન્માંતર ના સંસ્કાર, કર્મ, વર્તમાન જીવનના આપણા અનુભવો, સંસ્કાર, વાતાવરણ, જ્ઞાન અને પ્રારબ્ધ પર અવલંબી રહેલું હોય છે.

**વર્તમાન જીવનનો સાત્ત્વિક પુરૂષાર્થ સમર્થ સદ્ગુરૂનું શરણ અને ઇષ્ટની કૃપાથી જીવનમાં બદલાવ લાવી શકાય છે, પરિવર્તન આવી શકે છે.**

આપણું મન સુદૃઢ, સ્વસ્થ બને તો સુખ, શાંતિ અને સંતોષનું વાતાવરણ જીવનમાં કુટુંબ પરિવારમાં સ્થાપી શકાય, પ્રસરાવી શકાય, સુદૃઢ સામર્થ્યવાન મન દ્વારા જ સમતાનો ભાવ કેળવી શકાય, દુ:ખની લાગણીઓને સુખમાં પરિવર્તિત કરી શકાય. સુખદુ:ખમાં અને કોઇપણ સાનુકૂળ કે વિપરીત પરિસ્થિતિમાં સમતા અને ક્ષમતા કેળવી શકાય.

આજના 'ઉપાસના દિન' પર્વનો ઉત્સવ આપને પ્રેરણાદાયી નીવડે અને આપનું મન સમૃધ્ધ, સુદૃઢ અને સામર્થ્યસભર બને તેવી શુભભાવના સાથે મારા આપ સર્વેને આશીર્વાદ છે.

**ૐ મા ૐ**

## (૨) ‘ઉપાસના દિન’ - ૨૦૦૧

૧૦-૧૨-૨૦૦૧

**(તા.૯-૧૨-૦૧ ના રોજ શ્રધ્ધા કૂટિરમાં ઉજવાયેલા ઉપાસના દિન મહોત્સવ નો અહેવાલ)**

પરમ પૂજ્ય રાજયોગીના ભક્તો માટે આજનો મહોત્સવ અતિ મહત્ત્વનો છે. ’શ્રધ્ધા’ બંગલામાં મા ગાયત્રીના સાક્ષાત્કારનો આ જન્મદિવસ છે. અહીં માત-બાળના મિલનની સ્મૃતિઓ, સાક્ષાત્કારના અનુભવો, માતની હાજરી પ્રસાદની અનૂભુતિ, ભક્તોએ અનેક વાર માણી છે તો આજ તીર્થ પરથી પૂજ્યશ્રી ભક્તોને ઉપાસનાના રાજમાર્ગને સરળ અને સહજ રીતે પામવાના આદેશો ત્થા માર્ગદર્શન આપે છે. અહીં **‘આધ્યાત્મિક યાત્રા’** નું આયોજન થાય છે અને આ યાત્રા દ્વારા જીવનમાં નવી ચેતના સાથે પ્રભુમય અને પરમમય થવાની સંવેદનાઓને બળ મળે છે.

આજના મહોત્સવનો પ્રારંભ પણ સાંજે બરાબર ૪-૦૦ વાગે આધ્યાત્મિક યાત્રાથી થયો... કેવો સુંદર સંયોગ કે આજે **‘અમૃત સિધ્ધિ યોગ’** છે અને શુભ ચોઘડીયાથી આ યાત્રાનો પ્રારંભ થયો... આજે ‘૯૬’ મી આધ્યાત્મિક યાત્રાના સંચાલક શ્રી જસંવતભાઇએ, ચારને ટકોરે સૌને નવસૂત્ર પઠનથી યાત્રામાં જોડયા... કૂટિરમાં ભક્તોની ભીડ છે છતાંય શિસ્ત અને મૌન છે... નવસૂત્રનું સ્મરણ, ચિંતન, મનન અને અમલ થાય તો જ યાત્રા સફળ થાય અને સુફળ આપે...પરમશક્તિ માતાજીને પ્રાર્થના થઇ કે તારો દિવ્ય પ્રકાશ અમને મળતો રહે તારો દિવ્ય પ્રેમ અમે પામતા રહીએ અને તારી દિવ્ય શક્તિ અમારૂં સૌનું રક્ષણ કરે... હવે ૨૦ મીનીટ માટે સામૂહિક મંત્ર જાપ થયા...અને પછી ૧૦ મીનીટ માટે **“ૐ મા ૐ“** ના માનસિક જાપ થયા... આધ્યાત્મિક માર્ગમાં સમૂહથી ભાવના જાગે અને પછી એકલતાથી ભય ભાગે... કેટલું સૂચિત છે કે જે સમૂહમાં રહીને પણ એકલો ચાલી શકે તે જ આધ્યાત્મિક યાત્રામાં ઝડપ કરી શકે.

હવે દીપયજ્ઞની શરૂઆત થઇ...પૂજ્યશ્રીના આસન પાસે આજે પહેલીવાર ‘ ૐ ‘ આકારમાં ભક્તોને બેસાડાયા છે. બાકીના ભક્તોને એક લાઇનમાં બેસાડાયા છે. બે ભક્તો વચ્ચે એક થાળી અપાઇ છે જેમાં દિપ પ્રગટે છે. બીજી વાટકીમાં ઘી છે અને બે ચમચી છે. કુલ ૧૦૧ ભક્તો દિપયજ્ઞમાં જોડાયા છે જેમાંથી યોગાનુયોગ **‘૨૭’** ભક્તો **‘ૐ’** આકારે બેઠા છે... પ્રથમ પાંચ ત્રિપદા ગાયત્રીમંત્ર અને પછી ૧૦૮ વખત પરમશક્તિમંત્ર સાથે સહુ ઘી ની આહુતિ આપે છે... સૌ એક લયમાં સ્વરબધ્ધ રીતે મંત્રોચ્ચાર કરે છે, અને સ્વાહા શબ્દ સાથે સહુ ઘી ની આહુતિ આપે છે. સામાન્ય રીતે યજ્ઞમાં હવનદ્રવ્યની આહુતિ હોય પણ અહીં માત્ર ઘી છે. ઘીનો અર્થ છે **‘સ્નેહ’**... આધ્યાત્મિક યાત્રામાં સ્નેહ અથવા પ્રેમની જેટલી આહુતિ અપાય, પ્રેમનું જેટલું સમર્પણ થાય, પ્રેમ જેટલો ન્યોછાવર થાય એટલા જલ્દી પ્રભુના પાગલપ્રેમી બની શકાય...કેટલી સુંદર ભાવના અને પ્રક્રિયા... એક માળા પૂર્ણ થતાં બાકી રહેલા ત્થા નવા આવેલા ભક્તો માટે આજ ક્રમનું પુનરાવર્તન થયું. ફરીથી -૧૦૧-ભક્તોએ આજના દિપયજ્ઞમાં સ્નેહ આહુતિ આપી છે... હજૂ ભક્તો બાકી રહી ગયા છે. પૂજ્ય બ્હેનજીની આજ્ઞાથી નવા ભક્તોને ત્થા બાકી રહી ગયેલાઓને યજ્ઞ લાભ મળે તે હેતુથી -૧૧- મંત્રની આહુતિ અપાઇ છે. હવે પરમશક્તિ મંત્રની ધૂન પરમશક્તિની આરતીનું સમૂહગાન થયું અને ત્યારબાદ પાંચ મીનીટ માટે પૂજ્યશ્રીનું અને માતાજીનું ધ્યાન

કરવામાં આવ્યું... ખૂબ સમજવા જેવું છે કે સત્કર્મ કર્યા પછી, પ્રભુનું ધ્યાન ધરીને બધું જ પ્રભુને સમર્પિત કરો... દિપયજ્ઞ પછી સામાન્ય રીતે જ્ઞાનગોષ્ટિ થતી હોય છે. આજના પાટોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીએ સ્વયમ્ જ્ઞાનગોષ્ટિમાં હાજર રહેવાનું સ્વીકાર્યું છે.

બરાબર ૫:૩૫ મીનીટે પૂજ્યશ્રી કૂટિરમાં પધાર્યા છે. **'સદ્ગુરૂ દેવ કી જય'** ના ગગનભેદી નાદ સાથે સહુ ભક્તોએ પૂજ્યશ્રીને પ્રણામ કર્યા છે. પૂજ્યશ્રીએ થ્રી પીસ શેરવાની ધારણ કરેલ છે. ક્રીમ કલરના લોન્ગ જેકેટ અને ગ્રે કલરના ઝભ્ભામાં તેઓ અતિ સોહામણા દિસે છે જેકેટ પર જરદોસી ભરત અને એમ્બ્રોયડરી કરેલ છે. ગળામાં અમેરિકન ડાયમંડની માળા ખૂબ આકર્ષક લાગે છે. હાથમાં પણ અમેરિકન ડાયમંડ નો લૂઝ ધારણ કરેલ છે. આપનું મુખારવિંદ અતિ મોહક છતાંય સૌમ્ય ભાસે છે. આપના ચહેરા પર પાટોત્સવનો આનંદ દષ્યમાન છે, અતિ તેજસ્વી આભા અને પ્રતિભાને સૌ ભક્તોએ પોતાના સ્થાનેથી પ્રણામ કર્યા છે. સૌના માં એક અદમ્ય ઉત્સાહ અને પરમ સંતોષની લાગણીની અનુભૂતિ છે. પૂજ્યશ્રીએ સૌને આર્શીવાદ આપ્યા છે...

હવે પૂજ્ય બ્હેનજી પૂજ્ય ગુરૂદેવની હાજરીમાં જ્ઞાનગોષ્ટિનો પ્રારંભ કરતાં કહ્યું કે આજની આધ્યાત્મિક યાત્રા, આ વર્ષની છેલ્લી યાત્રા પણ તમારા જીવનની નહિં... આધ્યાત્મિક યાત્રામાં પૂર્ણાહુતિ હોય જ નહીં... તેમણે કહ્યું કે આપ સહુ પૂજ્યશ્રીના દૂત છો અને તેથી જ પૂજ્યશ્રી વિષે સચોટ સત્ય અને સંપૂર્ણ માહિતિ હોવી જરૂરી છે... ઉપાસના સાથે પૂજ્યશ્રી દ્વારા કહેવાયેલ, લખાયેલ, છપાયેલ સાહિત્ય આપે વાંચવું જોઇએ... તો જ પૂજ્યશ્રીથી અપરિચિત છતાંય ભાગ્યશાળી માનવોને તમે અહીં સુધી લાવવામાં નિમિત્ત બની શકો... ભાઇઓ અને બ્હેનો એમ બે ગ્રુપ પાડીને તેમણે પૂજ્યશ્રી ના સેવાયજ્ઞ, આદેશો અને માર્ગદર્શન પર આધારિત સરળ પ્રશ્નો પૂછ્યાં દા.ત. (૧) સેવાયજ્ઞ કયા ક્યા છે? (૨) પૂજ્યશ્રીની નિશ્રામાં ક્યા ક્યા ઉત્સવો ઉજવાય છે? (૩) પરમશક્તિ મંત્રની વિશિષ્ટ ઉપાસના કઇ કઇ ? કેવી રીતે થાય છે ? (૪) આસુરી શક્તિ તેમજ અકસ્માત નિવારણ માટે પૂજ્યશ્રીએ શું માર્ગદર્શન આપ્યું છે ? (૫) પૂજ્યશ્રીને ફુલ કેમ અર્પિત કરવા નહીં ? (૬) બાળકોને તેજસ્વી બનાવવા શું કરવું ? (૭) પૂજ્યશ્રી કથિત નવ ચક્રો ક્યા ક્યા ? (૮) ક્યા ક્યા રોગો માટે પૂજ્યશ્રી ચુરણ આપે છે? વગેરે વગેરે...

હાજર રહેલા ભક્ત સમુદાયે પોતાના અજ્ઞાન અથવા અધૂરા જ્ઞાનનો અહેસાસ્ કર્યો... હે પૂજ્યશ્રી અમે સાનિધ્ય માણ્યું છે પણ આપને સમજી શક્યા નથી તે અમારી નિર્બળતા છે. અમે સંકલ્પ કરીએ કે આ ઉણપને અમે મિટાવી દઇશું, પણ આપના જ આશિર્વાદથી અમે ભાવનાથી, પ્રેમથી રોજ આપના ચરણોમાં મસ્તક નમાવ્યાં છે આજે લજ્જાથી મસ્તક ઝૂકાવીએ છીએ. અને કૃપા કરવા માટે પ્રાર્થના કરીએ છીએ. હવે સમજાયું કે કૂટિરમાં સાહિત્ય વાંચન કેમ કરાવાય છે? બરાબર ૬-૧૦ મીનીટે આધ્યાત્મિક યાત્રા પૂર્ણ થઈ અને નવા વર્ષની આધ્યાત્મિક યાત્રા માટે ભક્તોની ભાવના નોંધાઈ.

આજે મુંબઈથી રેડીયો ત્થા દુરદર્શનના કલાકાર શ્રી વિજયભાઈ ભટ્ટ સહપરિવાર પધાર્યા છે. પૂજ્યશ્રીના દરબારમાં સ્વરચિત ભજનો, સ્વકંઠે ગાવાની તેમની મહેચ્છા આજે સાકાર થઇ રહી છે. તેઓ ખૂબ આનંદમાં છે અને ખીલ્યા છે. મુક્ત કંઠે તેમણે પ્રથમ ભજન ગાયું છે. **"શ્રધ્ધા કૂટિરમાં જાઓ કે નિલોષા બંગલે જાઓ હાલ મનવા હાલ ગાયત્રી માત બતાવું હાલ મનવા હાલ પરમના સંત બતાવું"**

તેમણે ભક્તોના દિલ ડોલાવી દીધા ભજનના એક એક શબ્દ પર ભક્ત સમૂદાય ઝૂમી ઉઠ્યો છે.

હવે રાજયોગી દરબારના રાજકવિ શ્રી સતિષભાઈએ આજના પ્રસંગે ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે શ્રધ્ધા તીર્થે કોઈ શુભ પ્રસંગની ઉજવણીમાં પૂર્ણાહૂતિ વેળાએ માતાજીને વળાવવાની વાત થતાં શુભ દિન, શુભ ચોઘડીયા કે શુભ પળની શોધ થવા લાગી ત્યારે માતાજીએ પૂજ્યશ્રી ને સંકેત આપ્યો કે વળાવવાનો પ્રશ્ન જ નથી. શ્રધ્ધા જ એમનું ધામ છે. અને પૂજ્યશ્રીએ આ વ્યવહારીક, સામાજિક, કૌટુંબિક, રિવાજને વેગળો મુકી દીધો અને તેજ સંદર્ભે આજના પાટોત્સવનું મહત્વ વધી જાય છે. તેમણે કહ્યું કે પરમાત્માની છબીને ફોટો ફ્રેમ કરીને આપણે તેમને મર્યાદિત કરીએ છીએ. તેમની વિરાટતા અભયપણું અને કર્તાપણા પર તરાપ મારવાનો વૃથા પ્રયત્ન કરીએ છીએ. તેમણે માતાજીને પ્રાર્થના કરી કે આજે મા, તમારા બાળ માટે હાલરડાની એક પંક્તિ તો ગા... અમે આખી જિંદગી તેને રટ્યા કરીશું તેજ અમારો ભાવ હશે, ભક્તિ હશે, પૂજા હશે, પ્રાર્થના હશે.... તેમણે પૂજ્યશ્રીને કાવ્યમય ભાવોર્મિ અર્પણ કરતાં કહ્યું કે (કેટલાક અંશ)

ફકીરો મહીં મસ્ત ફકીર છો,
અમીરીમાં અમીર ના મીર છો,
કહું લાલ કે બાળ શો ફેર છે,
પત્થરોના દીલે દોરી લકીર છો...
વાતમાં વાત 'હું' તો કશીય નથી,
લલાટે લખી મારી તકદીર છો,
છૂપાવી શકે ફુલ સુગંધ શું?,
તમે 'મા' તણી ખુદ તસ્વીર છો..

અતિ ગૂઢ ભાવાર્થ વાળી આ ભાવોર્મિના એક એક શબ્દ, ઘણું ઘણું કહી જાય છે. સહુ ભક્તોએ આ ભાવોર્મિના શબ્દ પુષ્પોને તાળીઓથી વધાવી લીધા....

આજના ઉપાસનાદિને શ્રી હેમંતભાઈએ એક હરિગીત રજૂ કર્યું સહુ ભક્તોને એની નકલ આપવામાં આવી .

હવે શ્રી હિમાંશુભાઈએ એક ગીત રજૂ કર્યું શબ્દો છે... **"હે આવ્યા ધામ થકી ઘનશ્યામ... કર્યો શ્રધ્ધામાં મુકામ..."** ખૂબ સુંદર કંઠ અને ગીતના એક એક ભાવશબ્દથી ભક્તો આનંદિત થઈ ગયાં.

હવે શ્રીમતિ ભાવનાબ્હેને આજના પાટોત્સવ નિમિત્તે પોતાની ભાવોર્મિ રજૂ કરતાં કહ્યું કે મનુષ્યનું જીવન, શક્તિની મહાનદી છે, શક્તિનો મહાસાગર છે. મનની શક્તિઓને ઓળખીએ તો જ સુખ પ્રાપ્ત થાય આજનો પાટોત્સવ, નવપ્રભાતનું કિરણ અને દ્રષ્ટિ પેદા કરે છે. પૂજ્યશ્રીના આશીર્વાદથી આપણે જ્ઞાનની જ્યોતને પ્રજ્વલિત કરીએ અને તેના વડે જીવનમાર્ગને સુશોભિત કરીએ એવી પ્રાર્થના....

હવે મુંબઈથી પધારેલ શ્રી વિજયભાઈએ એક ભજન ગાયું.. **'આવો ગાયત્રીમાત, આવો નરેન્દ્રનાથ.. દર્શનની મને પ્યાસ જાગી, તમે દર્શન દેવા આવો.. આવો નરેન્દ્રનાથ. પકડો મારો હાથ, હાથ ઝાલીને ઉગારો મને હો મારા નાથ..'** ભજનના એક એક શબ્દ અને સુંદર કંઠથી ભક્તોના દિલ ડોલી ઉઠ્યાં. આજના પાટોત્સવમાં તેમણે બધાને ખૂબ ભાવવિભોર બનાવી, ભક્તિમય બનાવી દીધાં તેમને

અભિનંદન આપવા ઘટે...

હવે પૂજ્યશ્રીને આજના પ્રસંગે આર્શીવચન માટે પ્રાર્થના થઈ છે. પૂજ્યશ્રીના આર્શીવચનનો એક એક શબ્દ અને તેના મર્મને સમજતાં વાર લાગે તેમ છે. આખું પ્રવચન ખૂબ દિવ્ય હતું.

પૂજ્યશ્રીના આજના આર્શીવચનને ખૂબ ધ્યાનથી સમજવું રહ્યું અને સમજ્યા પછી વાગોળવું રહ્યું પૂજ્યશ્રીએ પહેલાં **માનવતાની 'માસ્ટર કી'** આપી હતી. આજે મનને સંયમિત અને અંકુશિત કરીને સમૃધ્ધ, સુદઢ અને સામર્થ્યવાન બનાવવાની 'માસ્ટર કી' આપી છે. શાસ્ત્રમાં મનના નવ પ્રકારના દોષ બતાવ્યા છે. **દુરીફમ** - (પાપથી ભરેલું આળસથી ભરેલું) **દુષ્ટમ્** - ખોટી સલાહ આપે **અસાધુ** - વક્ર જૂએ દોષ દેખે .. **તીવ્રમ્** - સ્પીડ બહુ મનની ઝડપ બહુ **કામાતુરમ્** - લોભી લાલચુ ભજીયાં માટે અગિયારસ તોડે **હર્ષ** - હરખાઈ જાય. **શોકમ્** - નિરાશ થઈ જાય. **ભયમ્** - ભય કાલ્પનિક ભય વધારે અને **ઓરણા** - ઈચ્છાઓ...

પૂજ્યશ્રીએ આજે મનના આ નવેનવ દોષોમાંથી બચવા અને પોતાના શરીરરૂપ મંદિરમાં બિરાજીત ઈષ્ટદેવના ચૈતન્યતત્વને આત્મસાત્ કરવાનો સરળ માર્ગ બતાવ્યો હે પૂજ્યવર અમારી આપને પ્રાર્થના છે કે મનને સામર્થ્યવાન બનાવવા માટે પણ આપના સતત્ માર્ગદર્શન અને કડક આદેશોની અમને પ્રતિક્ષા છે... આપની સતત્ દૃષ્ટિ વગર આ માર્ગ પર અમે એક કદમ પણ આગળ વધી શકીએ તેમ નથી તો આપની કૃપા માટે અમારી સહુની આપના ચરણોમાં પ્રાર્થના..

હે પૂજ્યવર, આપનો કંઠ - અમારૂં વૈકુંઠ, આપનો હાથ એજ અમારો સાથ, આપના ચરણ એ અમારૂં શરણ, આપની કરૂણા એ અમારી જાગીર આપનું મુખ એજ અમારૂં સુખ, આપની આંખ એજ અમારી સાખ (આબરૂ), આપનું મસ્તક એજ અમારો સદ્ગ્રંથ અને આપની આજ્ઞા જ અમારે માટે વરદાન છે.

હવે શ્રી વિજયભાઈએ પૂજ્યશ્રીને ખેસ સમર્પિત કરી આશીર્વાદ માટે પ્રાર્થના કરી પૂજ્યશ્રીના ખભે આ પીળારંગનો ખેસ અતિ શોભાયમાન છે. અને આમેય પીળો રંગ તેજસ્વિતાનું અને પ્રેમનું પ્રતિક છે.

હવે શ્રી પ્રેમચંદભાઈએ એક ગીત દ્વારા તેમની ભાવોર્મિ રજૂ કરી.

હવે વિજયભાઈએ ગરબા શરૂ કર્યા કૂટિર ચોકમાં ભક્તો આજે હેલે ચઢ્યાં છે. યૌવન જ નહીં પણ પ્રૌઢ પણ આજે મન મૂકીને કૂદે છે. મનુષ્ય અતિ આનંદમાં આવી જાય ત્યારે ચાર કામ કરે.. ગાયન ગાય.. નાચે.. લૂંટાવે કે રડી પડે.. વિજયભાઈના સ્વરચિત ગરબા અને અન્ય ગાયકવૃન્દના ગજબના સંકલનથી કૂટિરભક્તોમાં ચારેય ક્રિયાઓ નજરે પડી છે. કેટલાંક ગાય છે. કોઈ નાચે છે. કોઈ આનંદ લૂંટાવે છે તો કોઈ રડે છે. આજના આ અવર્ણનીય આનંદને સલામ કરવી રહી તો ગાયકવૃન્દના કલાકારોને શાબાશી આપવી રહી...

આજના પાટોત્સવ પ્રસંગે પ્રસાદનું પણ આયોજન છે. સેવઉસળ અને ઘઉંના લાડુનો પ્રસાદ છે.. ખૂબ સૂચિત પ્રસાદ છે.. આધ્યાત્મિક યાત્રામાં પણ ઉકળવું પડે... લલચાવે તે ધર્મગુરૂ અને તપાવે તે સદ્ગુરૂ. આપણે પૂજ્યશ્રીના હાથે તપતા જ રહીએ અને ઉકળતા જ રહીએ તો જ સદ્ગુરૂનું સાનિધ્ય માણી શકીશું.

સૌએ પ્રસાદ આરોગી લીધા પછી, ભક્તોની સતત્ વિનંતીઓથી ફરીથી ગીત-ભજનનો કાર્યક્રમ શરૂ થયો. શ્રીમતિ હીનાબેન અને અંજલિબ્હેને ગીત રજૂ કર્યું 'માડી તારૂં કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો' ખૂબ સરસ ગીતથી એક સુંદર વાતાવરણ બની ગયું હવે પૂજ્યશ્રીએ ઈંટ કલરનો ઝભ્ભો અને ક્રીમ કલરનો ચૂડીદાર પાયજામો ધારણ કર્યાં છે. ગળામાં માળા છે. આપના મુખારવિંદ પર સ્ત્રી સહજ સૌમ્યતા અને સંત સહજ તેજસ્વિતા છે. બસ નિરખ્યા જ કરીએ.. નિરખ્યા જ કરીએ...

હવે વિજયભાઈએ ભજન રજૂ કર્યું શબ્દો છે. "ગુરૂજ્ઞાન તણા સત્સંગમાં, શ્રધ્ધા તણા તીર્થમાં, ગાયત્રી માતના રંગમાં રંગાઈ જાને રંગમાં .." ખૂબ સુંદર ભાવમય અને પ્રેમમય રજૂઆતથી ભક્તો નાચી ઉઠ્યાં છે. પૂજ્ય બ્હેનજીએ આજના પર્વની સમાપ્તિ માટે રજૂઆત કરી, કારણ ઘડીયાળ ૯-૧૫ નો સમય બતાવે અને ભક્તોએ વિજયભાઈના એક ભજન માટે વિનંતી કરી, જે તેમણે સ્વીકારી.. વિજયભાઈએ ભજન રજૂ કર્યું કે "શ્રધ્ધા કૂટિરમાં રાખો... મનવા રે આવ્યા.." બધાને ખૂબ મઝા આવી. હવે વિજયભાઈએ પૂજ્યશ્રીને એકાદ ભજનમાં સાથ આપવા વિનંતી કરી.

ગાયકવૃન્દે ભજન શરૂ કર્યું "તાર વિના શ્યામ મને એકલું રે લાગે" પછી શ્રી રમેશભાઈએ ગાયું "રઢિયાળી રાતોમાં" અને પછીતો "જરા સામને તો આઓ છલિયે...., મન ડોલે, મેરા તન ડોલે...., ધરતીકો આકાશ પુકારે...., વગેરે ગીતો, દુહાની રમઝટ જામી... પૂજ્યશ્રીએ પોતાની આગવી મુદ્રાઓમાં આલાપ આપ્યા પ્રભુમાં એકાકાર થઈ ઝૂમતા પૂજ્યશ્રીની મુદ્રાઓને શબ્દમાં અંકિત કરવી ખૂબ મુશ્કેલ છે.... પ્રભુ પ્રાપ્તિના ચાર માર્ગ છે. એક ગાઈને.. જેમ કે કબીર..., એક નાચીને... જેમકે મીરા...., એક શ્રવણ થી જેમકે પરિક્ષિત અને એક ઉપાસનાથી ..., આજે પૂજ્યશ્રીમાં આ ચારે માર્ગનું અદ્ભૂત સંકલન અને સમતુલન જોયું કેટલાય ભક્તો તેમની સાથે નાચ્યા છે. ઝૂમ્યા છે. અરે અતિ આનંદમાં ભાન ગૂમાવતાં પણ દેખાયાં.. પરમની મસ્તી અને નિજાનંદનો આનંદ આજના પાટોત્સવ પર્વના શણગાર બની ગયાં... ઘડીયાર રાત્રે ૧૦-૧૫નો સમય બતાવે છે. કોઈને અહીંથી ખસવું નથી, સતત્ છ કલાક મહોત્સવ ઉજવાય અને ભક્તોમાં જરાય કંટાળો ન હોય, થાક ન હોય, ઘરની યાદ ન હોય, એને પણ માતાજીના સાક્ષાત્કારની જ અનુભૂતિ માનવી પડે... પૂજ્ય બ્હેનજીએ સમાપ્તિની ઘોષણા કરી જ દીધી.. સહુ એ સાથે મળીને ૨૭ વખત પરમશક્તિ મંત્ર જાપ કર્યા.

આજના ઉપાસના દિને, હે પરમપૂજ્ય ગુરૂદેવ, અમે સહુ એક જ પ્રાર્થના કરીએ કે આપના ચરણ જે અમને શાંતિ આપે છે. આપની ચરણ રજ, કે જે અમને વિવેક આપે છે. અને આપના ચરણના નખ.. જે અમારી નેત્રજ્યોતને નિશુધ્ધ કરે છે જેથી અમે દોષદર્શન કરીએ... એ કૃપા અમારી પર સતત્ વરસાવતા રહો... અમને ઉપાસના માર્ગમાં આપની પ્રેરણા, પ્રોત્સાહન મળતા રહે અને અમે મન અને માનવતા બેયનો સદ્ઉપયોગ કરવા સમર્થ બનીએ, એવા આશીર્વાદ માટે આજીજી ભરી પ્રાર્થના,

આજે કાંઈક પામ્યાનો, કાંઈક માણ્યાનો, કાંઈક સમજ્યાનો અને અનૂભૂતિ કર્યાના સંતોષ સાથે સૌ વિદાય થયા ત્યારે એક સંકલ્પ કર્યો કે, પૂજ્યશ્રીના સાહિત્યનું નિયમિત વાંચન એ પણ ઉપાસના જ છે. અને એ કરવી જ રહી...

આપના ચરણોમાં અમારાં સહુના સાષ્ટાંગ પ્રણામ....

**ૐ મા ૐ**

## (3) કરિષ્યે વચનમ્ તવ

સતીષભાઇ ભટ્ટ તા. ૯-૧૨-૨૦૦૧

શ્રધ્ધા તીર્થે કોઇ શુભ પ્રસંગની ઉજવણીની પૂર્ણાહુતિ વેળાએ માતાજીને વળાવવાની વાત ઉપસ્થિત થતાં શુભ ચોઘડીયું, શુભદિન, શુભપળની શોધ થવા લાગી.

આ રાતે જ પૂજ્યશ્રીને માતાજીએ સંકેત આપ્યો કે તેમને (માતાજીને) વળાવવાનો પ્રશ્ન જ નથી શ્રધ્ધા જ એમનું ધામ છે, અને પૂજ્યશ્રીએ આ વ્યવહારિક, સાંસારિક, કૌટુમ્બિક રિવાજને વેગળો મૂકી દીધો અને આખી ય ઘટનામાંથી બહાર આવી ગયા.

આજનું પવિત્ર મહાપર્વ પાટોત્સવ ઉપરોક્ત સંદર્ભે મહત્વપૂર્ણ બની જાય છે. આમાં ક્રાંતિનું બીજારોપણ પણ છે, અને ' ગાય-બછરાંનો' ન્યાય પણ તેમાં સમાયેલ છે. તેનું આવાહન - સ્થાપનને વિસર્જન (વિદાય) નથી. સ્થળ કાળના બંધન પરમાત્માને નથી તે કાળથી પર છે. માનવ મન મર્યાદિત છે. તેમાંથી ભૂત, વર્ત અને ભવિષ્યકાળ આમ કાળનું વિભાજન થયેલું છે. તેમાંથી એક વિચાર સૂત્રની સમજણ ઉદ્દભવી છે. અખંડ સળંગતાને માનવી બુધ્ધિ પામી શકતી નથી તેના વિરાટત્ત્વ અને અનંતપણાનો સ્વીકાર સહેલાઇથી માણસ કરી શકતો નથી કોઇ વ્યાખ્યામાં પણ તેને બાંધી ના શકાય તેનું અમર્યાદપણું સ્વતંત્ર અને એકલું છે.

કુરૂક્ષેત્રના અનિર્ણાયક પાર્થને તેથી તો આ વાત ગળે ઉતારવા કૃષ્ણને ફરજ પડેલી અને તે પશ્ચાત જ 'કરિષ્યે વચન તવ' નો હૃદય પોકાર થયેલો.

કોઇ તત્ત્વચિંતકે કહ્યું છે કે પરમાત્માની છબીનો ફોટોફ્રેમ કરીને આપણે તેને મર્યાદિત કરીએ છીએ. તેની વિરાટતા, અભયપણું અને કર્તાપણા પર તરાપ મારવાનો વૃથા પ્રયત્ન કરીએ છીએ.

આ વાત ઉપર આટલેથી પડદો પાડી દઇને આપણા પર્વ પાટોત્સવ ટાણે મા ગાયત્રીને આજે આપણે સહુ આજીજી કરીએ કે મા! આજે તમે જ ગીત ગાવ, અમે ઝીલીએ, અમે નાચીએ-કૂદીએ અમારા ઝાંઝર ઝંકૃત થઇ જાય. મા! તારા બાળ માટે તારા હાલરડાની છેવટે એક પંક્તિ તો ગા અને આખી જિંદગી તેને રટયા કરીશું. તે જ અમારો ભાવ હશે, ભક્તિ હશે, પૂજા હશે, પ્રાર્થના હશે.

# (૪) શ્રધ્ધા મૂઠીએ મૂઠીએ વહેંચો છો તમે..

ફકીરો મહીં મસ્ત ફકીર છો, અમીરીમાં અમીરના મીર છો.
કહું લાલ કે બાળ શો ફેર છે !, પત્થરોના દીલે દોરી લકીર છો.
વાતમાં વાત 'હું' તો કશીય નથી, લલાટે લખી મારી તકદીર છો.
છૂપાવી શકે ફૂલ સુગંધ શું !, તમે 'મા' તણી ખુદ તસ્વીર છો.
લૂંટાવો ભલે દિલ દોલત સૌ, લૂંટી શું શકું એક ફકીર છો
લાક્ષ્યાગૃહેથી પાછો ફરું કઈ રીતે !, મળ્યા સંગાથે આઝમે વઝીર છો.
મારી લીલાશનો તો ભરોસોય શું?, વરસો ઝાકળબિંદુ સમા નીર છો.
નખ આંગળીઓથી સદા વેગળા, જગ અંજાણ છે, કોની તાસીર છો?
તર્યો ઝાંઝવામાં હું તો હરજનમ, રાજ ડૂબું મઝાથી ઉંડું નીર છો.
હટાવી જુના કાટમાળો બધા, 'ૐ મા ૐ' લાવ્યા તે તદબીર છો.
પામ્યો સ્પર્શની પૂનમના જળથી, પૂર્યાં દ્રોપદીને ચીર તે વીર છો.
આકારો જે પડ્યા નથી કાગળ પર, ધરબ્યા ભીતરમાફ ક્ષમાવીર છો.
જરા આપે સદા સંઘને આરસી, આંખ આપો નિહાળું હે રાજ લગીર,
રાજદોસ્તી છે કૃષ્ણ સુદામા સમી, મારા સંસાર સંગ્રામે રણધીર છો.
એટલે મ્હોરતી શ્રધ્ધા આંખો મહીં, અમીર ઝૂલણે ઝૂલે છે મસ્ત ફકીર.
તરજૂમના તારો ઝીણાં ગૂંથતા, લાગ્યા પળે પળે કોઈ કબીર છો.
લખી ભૂંસીજ નાખું છું હું ય ઘણું, દિલ દિવાલ પધરાવ્યા પણ રાજ છો.
ૠતુરાજ વસંતે વધાવ્યા સદા, માત હૈયા હીંડોળો હીંચોળ્યો સમીર.
માત મન તણા મોરલાઓ ! તમે, 'ૐ મા ૐ' ટહૂક્યા જગટોડલે.
નામ રૂપેરૂં કળાનું નામ દઈ, અમ પીંછાનો ભાર વેંઢાળ્યો તમે.
માત ઝાંઝરે તાલ દઈને તેમ, શ્રધ્ધા મુઠ્ઠીએ મુઠ્ઠીએ વહેંચો તમે.
મને મારૂં જ અંધારૂં ના ઘેરીલે, બની દીવો ધર્યો પગલે પગલે.

# (૫) મૃતાત્માઓની શાંતિ અને મુક્તિ યજ્ઞ

## (૧) વર્લ્ડ ટ્રેઇડ સેન્ટર ન્યુયોર્ક - અમેરિકા

ડીસેમ્બર ૨૦૦૧ માં પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીની વિદેશની મુલાકાત અને સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આતંકવાદી હુમલાઓમાં નષ્ટ પામેલ વર્લ્ડ ટ્રેઇડ સેન્ટરમાં અને વિમાનમાં મૃત પામેલા જીવાત્માઓની શાંતિ અને મુક્તિ માટે તા. ૨૩-૧૨-૨૦૦૧ રવિવારે સવારે ૧૧-૦૦ કલાકે પૂજ્યશ્રીના કેટલાક ભક્તો અને ચાહકો સાથે આ સ્થળની મુલાકાતે જવાનું અને સત્તાવાળાઓનો સહકાર અને સંમતિ મળે તો "મૃતાત્મા મુક્તિ યજ્ઞની વિધિ" કરવી તેવી તૈયારી સાથે જરૂરી સામગ્રી લઇને ગયા હતા.

વર્લ્ડ ટ્રેઇડ સેન્ટરની હોનારત ભયંકર અને દિલ ધ્રુજાવી દે તેવી છે. આ સેન્ટરની નજીક કોઇપણ વ્યક્તિને જવા દેવામાં આવતા નથી સીક્યોરીટીનું કારણ હોઇ શકે. લગભગ પચાસ વાર દૂરથી આ વિસ્તારને આંતરી લેવામાં આવ્યો છે.

પૂજ્યશ્રીના કાર્યયજ્ઞની વિગતોથી ત્યાંના સ્થાનિક સત્તાવાળાઓ, પોલીસ અધિકારીઓને માહિતગાર કરી, વિશિષ્ટ વિધિ કરવા માટે સુરક્ષિત વિસ્તારની અંદર જવાની પરમીશન મેળવી. પૂજ્ય ગુરૂદેવ અને બ્હેનજીને જ અંદર જવા દેવામાં આવ્યા. બ્હેનજી અને સ્ત્રી પોલીસ અધિકારીની મદદથી પૂજ્ય ગુરૂદેવે પ્રેતાત્મા શાંતિ અને મુક્તિ યજ્ઞની વિધિ સંપન્ન કરી. સુરક્ષિત વિસ્તારની બહાર ઉભેલા અસંખ્ય માણસો આશ્ચર્ય થી વિડીયો કેમેરા તાકીને સમગ્ર દૃષ્યને ઝડપવા પ્રયત્ન કરી રહ્યા હતા. પૂજ્ય ગુરૂદેવને વિધિ દરમિયાન અગોચર રૂપે મળેલી વિગતો આ પ્રમાણે છે.

૧. ૬૯૩૨ માણસો આ હોનારતમાં મૃત્યુ પામ્યા છે.

૨. ૧૮૧૯ પ્રેતાત્માઓને શાંતિ અને મુક્તિ મળી.

વિધિ સંપન્ન કરી સુરક્ષિત વિસ્તારમાંથી દરવાજો ખોલી પૂજ્ય ગુરૂદેવ અને બ્હેનજી પોલીસ અધિકારી સાથે બહાર આવી આતુરતાથી ઉભેલા માણસોને વિગત જણાવી. પોલીસ અધિકારી અને અન્ય લોકોએ પૂજ્ય ગુરૂદેવ અને બ્હેનજીને અભિનંદન આપ્યા, વંદન કર્યા અને યાદગીરીરૂપે ફોટા પડાવ્યા.

## (૨) બ્રીજ વોટર રોડ લંડનમાં

લંડનમાં વેમ્બલી વિસ્તારમાં બ્રીજ વોટર રોડ સીધો અને ધમધમતો ચાર ચાર લાઇનનો રસ્તો છે. વાહનોની અવર જવર અવિરત પણે ત્યાં ચાલુ જ રહે છે. રસ્તાની બંને બાજુએ રહેણાંકનો વિસ્તાર છે. આ રસ્તા પર અમુક જગ્યાએ છેલ્લા કેટલાય વર્ષોથી જીવલેણ અકસ્માતો થયા કરે છે. ત્રણ મહિના પહેલાં ગુરૂદેવના એક ભક્ત નિલેષ વ્યાસ તેમના પરિવાર સાથે ગાડીમાં આ રસ્તે પસાર થતા હતા ત્યારે પૂજ્યશ્રીના આશીર્વાદ અને માતાજીની કૃપાથી જીવલેણ અકસ્માતમાંથી આખો પરિવાર બચી ગયો હતો. ત્યારથી તેમણે મનમાં નક્કી કર્યું હતું કે પૂજ્ય ગુરૂદેવને વિનંતી કરી આ વિસ્તારના મૃત્યુ પામેલ જીવાત્માઓ જો પ્રેતયોનિમાં ભટકતા હોય તો તેમને શાંતિ અને મુક્તિ આપવી અને આ વિસ્તારને અકસ્માતથી સુરક્ષિત કરવો. આઠ મહિના પહેલાં જ 'સપના' નામની એક સોળ વર્ષની છોકરી આ જગ્યા પર જ કાર અકસ્માતમાં મૃત્યુ પામી હતી.

નિલેષભાઇ વ્યાસ અને પૂજ્યશ્રીના ભક્ત પરિવારે પોલીસ ડીપાર્ટમેન્ટનો સહકાર અને સંમતિ લઇ

પૂજ્યશ્રી દ્વારા સંપન્ન થનાર પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની વિધિ દરમિયાન આ વિસ્તારના રસ્તાની એક લાઇન બંધ કરાવી વાહન વ્યવહાર થંભાવી દીધો. પ્રચાર માધ્યમ ઝી ટીવી અને રેડિયો સત્તા વાળાને જાણ કરી તા. ૬-૧-૨૦૦૨ રવિવારે સવારે ૧૧-૦૦ કલાકે પૂજ્ય ગુરૂદેવ પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની વિધિ સંપન્ન કરી ત્રણ પ્રેતાત્માઓને શાંતિ અને મુક્તિ આપી.

## (3) લેઇક ડીસ્ટ્રીક્ટ (ઇંગ્લેન્ડ)માં પશુ-પ્રેતયોનિનો શાંતિ-મુક્તિયજ્ઞ

ઇંગ્લેન્ડમાં લેઇક ડીસ્ટ્રીક્ટમાં ગાયો અને ઘેટાંમાં ફુટ અને માઉથનો રોગ ફેલાતાં સરકારી હુકમથી લાખોની સંખ્યામાં ગાયો અને ઘેટાંઓને મારી નાખી દાટી દેવામાં આવ્યા છે. આ નિર્દોષ પશુઓના આત્માની શાંતિ અને મુક્તિ માટે વિશિષ્ટ પૂજા વિધિ અને પ્રાર્થના કરવા માટે પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીએ ડીસેમ્બર ૨૦૦૧ થી જાન્યુઆરી ૨૦૦૨ ની તેમની ઇંગ્લેન્ડની મુલાકાત વેળાએ સત્તાવાળાઓનો સાથ, સહકાર, પરમીશન મળે તો જવાનો નિર્ધાર કર્યો હતો.

તા. ૭-૧-૨૦૦૨ સોમવારે લંડનથી લેસ્ટર આવતાં બ્હેનજીએ પૂજ્ય ગુરૂદેવને ઉપરોક્ત પશુઓની મુક્તિ માટેની વિધિ માટે સ્પષ્ટતા કરવા જણાવ્યું હતું.

૧. પશુઓની મૃત્યુવેળા અધૂરી-વાસના રહી ગઇ હોય ?
૨. પશુઓ પ્રેતયોનિમાં જઇ શકે ?
૩. જો તેઓ પ્રેતયોનિમાં હોય તો તેમની તે યોનિમાં કેટલી અવધિ ?
૪. આ પશુઓના આત્માની શાંતિ આપ કેવી રીતે કરશો ?

પૂજ્યશ્રીએ જણાવ્યું કે હાલમાં તો મને ખ્યાલ નથી, પરંતુ માતાજી મને જણાવશે અને માર્ગદર્શન આપશે તે પ્રમાણે કરીશ. આના અનુસંધાનમાં પૂજ્યશ્રીએ તા. ૯-૧-૨૦૦૨ બુધવારે સવારે બ્હેનજીને જણાવ્યું કે "માતાજીએ વિધિ અંગેની સ્પષ્ટતા કરી દીધી છે." આ બાબતની વિગત પૂજ્યશ્રીના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે.

તા. ૮-૧-૨૦૦૨ મંગળવારે રાતે માતાજી મારા સ્વપ્નમાં આવ્યા. હું વંદન કરી માતાજીના ચરણમાં બેસી ગયો. માતાજીએ જણાવ્યું કે લેઇક ડીસ્ટ્રીક્ટમાં વિધિ માટે જવાનું છે તે માટે "પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ" ની જે વિધિ છે તે પ્રમાણે જ કરવું. પશુઓની મૃત્યુ વેળાની છેલ્લી વાસના, ઇચ્છા અતૃપ્ત રહી ગઇ હોય તો તેઓ પ્રેતયોનિમાં જાય છે. પશુઓને પણ મન અને બુધ્ધિ હોય છે. પરિવાર અને માલિક પ્રત્યે આસક્તિ હોય છે. પશુઓની પ્રેતયોનિની અવધિ બે વર્ષની હોય છે. પશુઓની શાંતિ મુક્તિની વિધિમાં તેઓની ઉપર જળ છાંટવાનું. હસ્ત મૂકવાનો નથી.

તા. ૧૦-૧-૨૦૦૨ ગુરૂવારે સવારે ૧૨-૧૫ વાગે અમે ૧૬ સીટેડ વાન લઇને લેસ્ટરથી માન્ચેસ્ટર જઇ હિતેશ અને તરૂ વડેરાને ઘરે તેમના આગ્રહથી રોકાયાં તા. ૧૧-૧-૨૦૦૨ શુક્રવારે સવારે ૧૦-૧૫ વાગે માન્ચેસ્ટરથી નીકળી અમે લેઇક ડીસ્ટ્રીક્ટના પેનરીથ ટાઉનશીપના ન્યુ બીગીન વીલેજમાં જ્યાં ગાયો અને ઘેટાંઓને ફુટ એન્ડ માઉથ ડીસીઝના કારણે મારી નાખીને દાટવામાં આવ્યા હતાં તે વિસ્તારમાં બપોરે ૧૨-૪૫ વાગે પહોંચ્યા પ્રકાશભાઇ સવજાણી (પ્રકાશમામા) અને વિનય વડેરાના આ પ્રોગ્રામ સંપન્ન કરવાના અનુસંધાનમાં અગાઉથી આયોજન કર્યા અનુસાર આ વિભાગનું સંચાલન કરનાર કંપનીના માણસો, બીબીસી અને અન્ય પ્રેસ રીપોર્ટર્સ, ફોટોગ્રાફર્સ, બીબીસી અને આઇ ટીવી

મિડિયાના રીપોર્ટર્સ, ફોટોગ્રાફર્સ તેમજ કોમ્બ્રીયા વિસ્તારના રેડીયો રીપોર્ટર્સ, રેકોર્ડર્સ અને ખેડૂતોના એક આગેવાન ભાઇ પણ હાજર હતા. અમે આ સ્થળે ૧૨-૪૫ વાગે પહોંચ્યા ત્યારે અતિ દુર્ગમ અને એકાંત જગ્યા હોવા છતાં આ બધા માણસો આતુરતાથી અમારી રાહ જોતા ઉભા હતા. તેઓને જોવાની અને જાણવાની આતુરતા હતી. અમને બધા જ વીંટળાઇ વળ્યા. આ જગ્યાએ પહોંચ્યા ત્યારે પુષ્કળ ઠંડી હતી. ઠંડો પવન વાતો હતો. થોડો થોડો વરસાદ પણ પડતો હતો. જમીન પર કાદવ અને ચીકણી માટી હતી.

પૂજ્ય ગુરૂદેવે જગ્યા બતાવી અમે આસન પાથરી વિધિ અંગેની તૈયારી કરી. પૂજ્ય ગુરૂદેવના કાનમાં માતાજીનો અવાજ સંભળાયો કે પશ્ચિમ દિશામાં મુખ કરીને ઉભા રહી વિધિ કરવી. તે અનુસાર અભિમંત્રિત જળથી લક્ષ્મણ રેખા દોરી, ત્રણ અગરબત્તી સળગાવી પૂજ્યશ્રીએ પ્રાર્થના વિધિ ચાલુ કરી અમો બધા વર્તુળમાં ગોઠવાઇ ૐ મા ૐ ના મંત્ર જાપ ચાલુ કર્યા. મીડીયાના માણસો પણ તેમના કાર્યનાં ફોટોગ્રાફી વિગેરેમાં વ્યસ્ત હતા અને પૂજ્ય ગુરૂદેવની વિધિને આતુરતાથી નિહાળતા હતા. પૂજ્યશ્રીએ લક્ષ્મણ રેખાની બહાર નીકળી પ્રેતાત્માઓ ઉપર અભિમંત્રિત જળનો છંટકાવ કર્યો હતો. કાદવમાં સ્લીપર પહેરીને દોડતા અને જળ છાંટતા પૂજ્યશ્રીને અમે બધાં નિહાળી રહ્યા હતા. અહોભાવથી નત મસ્તકે વંદન કર્યા. ફોટોગ્રાફરો અને મીડીયાવાળા પણ પૂજ્યશ્રીની ઝલક ઝડપવા પૂજ્યશ્રીની સાથે દોડતા હતા. અહિંયા ૨૯૩ આત્માઓને પૂજ્યશ્રીએ મુક્તિ આપી.

પ્રાર્થના વિધિ પતી ગયા પછી વિવિધ પ્રેસ રીપોર્ટરો અને રેડિયો, ટીવી સ્ટાફે પૂજ્યશ્રી અને બ્હેનજીનો ઇન્ટરવ્યુ લઇ વિગતો એકત્રિત કરી આનંદ સાથે અહોભાવ વ્યક્ત કર્યો અને આશીર્વાદ મેળવ્યા.

બપોરે ત્રણ વાગે પેનરીથ ટાઉનશીપના કાર્લાઇ વીલેજનાં વિસ્તારમાં પહોંચ્યા. અહિંયા શાંતિ મુક્તિની પ્રાર્થના વિધિ કરી ૭૧ આત્માઓને મુક્ત કર્યા.

બીજે દિવસે બારમી તારીખે વર્કીંગટન વીલેજમાં લીલી હોલ એરીયામાં સવારે ૧૧-૩૦ વાગે પ્રાર્થના વિધિ સંપન્ન કરી ૨૦૧ આત્માઓને શાંતિ મુક્તિ આપી. આમ કુલ ૫૬૫ આત્માઓને શાંતિ મુક્તિ આપી.

પૂજ્યશ્રીના આ વિરલ શાંતિ મુક્તિ યજ્ઞ અભિયાનના હેવાલ ટેલિવીઝન, રેડિયો અને વિવિધ ન્યુઝ પેપર્સમાં પ્રસિધ્ધ થયા હતા.

પૂજ્યશ્રીના આશીર્વાદ અને પાવન પગલાથી યોગાનુયોગ બે દિવસ પછી ૧૫ મી તારીખે ઇંગ્લેન્ડની સરકાર દ્વારા જાહેર કરવામા આવ્યું કે "ENGLAND IS FREE FROM FOOT AND MOUTH DISEASE". “ફુટ અને માઉથના રોગમાંથી ઇંગ્લેન્ડ મુક્ત જાહેર કરવામાં આવે છે.”

## (૪) સુરત-વ્યારા ધુલિયા હાઈવે પર.....

શાંતિ મુક્તિ યજ્ઞ સુરત જીલ્લામાં યોજવામાં આવ્યો હતો. છેલ્લા કેટલાય વર્ષોથી વ્યારા ધુલિયા હાઇવે નંબર છ ના અમુક વિસ્તારોમાં જીવલેણ અકસ્માતો થયા કરતા હતાં. બસમાં મુસાફરી કરી રહેલા યુવાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાંથી છવીસ જેટલા યુવાનોના જીવલેણ અકસ્માતથી સમગ્ર શહેરમાં ગમગીની પ્રસરી ગઇ હતી પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીને સુરતના ભક્તોએ આ ધોરી માર્ગ પરના પોઇન્ટસ પર પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ કરવા વિનંતી કરી. ટ્રાફીક પોલીસના સહકારથી વ્યારાથી ગુજરાત મહારાષ્ટ્રની હદ સુધીના સાત સ્થળોએ શાંતિ મુક્તિ યજ્ઞ કરી કુલ ૭૬ આત્માઓને મુક્તિ આપી હતી. વળી પ્રાર્થના અને અભિમંત્રિત જળનો અભિષેક કરી આસુરી તત્વોથી સીમા સુરક્ષિત કરી હતી.

## (૬) ઇંગ્લેન્ડની ધરતી પરે

તા. ૧૫-૧-૨૦૦૨ મંગળવાર

પૂ. રાજયોગી નરેન્દ્રજી

ઈંગ્લેન્ડની ધરતી પરે
મચી રહ્યો કલશોર
રોગ તણો રાક્ષસ ત્રાટક્યો
ગાયો ઘેંટાઓના મુખ-પગ પરે
પશુ બન્યાં અશક્ત અને રોગી
તંત્ર બન્યું ચિંતિત
પશુઓની વહાર કરવા
રોગને નાથવા કાજે
ન જડ્યું કંઈ શસ્ત્ર
નિર્દોષ પશુઓની હત્યા કરી
સાઈઠ લાખને દફનાવ્યા
ધરતીતણા પેટાળમાં
આક્રંદ એ મૂક પશુઓ તણું
વાયુ મંડળને રડાવી રહ્યું
રાજ હૃદય દ્રવ્યું, પુકાર થયો દિલમાં
પશુઓ પણ પરમનું સર્જન
આત્મા સહુનો એક
માનવતાની વહારે ધાવા
મૃતાત્માઓને મુક્તિ અર્પવા
માતે કર્યો આદેશ
સમજ આપી, સરળ કર્યો સેવાનો પંથ
લેઈક ડીસ્ટ્રીકટના વિવિધ ગામે
રાજ બાળ સંગ માત પધાર્યા અગોચર મહીં
રાજ સેનાને સંગે રાખી
શાંતિ-મુક્તિ યજ્ઞ આદર્યો
પશુ પ્રેતાત્માઓ હતા પાંચસો પાંસઠ
અતૃપ્ત વાસનામાંથી મુક્ત કર્યા
જીવન નવજીવનમાં વહાવ્યું
રાજ સેના હરખાઈ ગઈ
કરે માત-મયુરનો જયજયકાર
તંત્ર સઘળું વંદી રહ્યું
માનવતાના આ મહાયજ્ઞને
સંદેશ વહાવ્યો વિશ્વમાં
ટીવી, રેડિયો, પત્રોના માધ્યમ થકી
પ્રાર્થના કરી, આશીષ માંગી
સદ્‌બુધ્ધિ શાંતિ ને સમૃધ્ધિ કાજ
રાજ બાળ વંદે માતને
શક્તિ સામર્થ્ય અર્પજે
સાથ રાખજે સમજ આપજે
જીવન ઉદેશને દીપાવજે.

## (૭) ભાવોર્મિઓ

પૂ. રાજયોગી નરેન્દ્રજી

પહેલું ડગ કચ્છ પરે
અઢી ડગ બાકી રહ્યાં
બીજું ડગ અમેરિકામાં
વર્લ્ડ ટ્રેઇડ સેન્ટર પરે
ત્રીજું ડગ લેઇક ડીસ્ટ્રીકટ ઇંગ્લેન્ડમાં
અડધા ડગની પ્રતીક્ષામાં
અજાણ્યો હતો રસ્તો
તમે આવી મળ્યાં
ભાગ્ય મારાં એ
કે સર્વ દ્વાર ખુલી ગયાં.

# (૮) "પશુઓને મળ્યા પરમેશ્વર"

તા. ૨૮-૧-૨૦૦૨ સોમવાર — હેમંત ઉપાધ્યાય

**(ઇંગ્લેન્ડમાં તા. ૧૧ મી અને ૧૨ મી જાન્યુઆરી ૨૦૦૨ ના રોજ પરમ પૂજ્ય રાજયોગી નરેન્દ્રજી દ્વારા પશુ પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ સંપન્ન થયો તેનો અહેવાલ)**

પરમ પૂજ્ય ગુરૂદેવની સેવા ક્ષિતિજો અને સેવાની વ્યાખ્યાઓ વિસ્તરતી જ જાય છે. પૂજ્યશ્રીની સેવાઓના પ્રકાર, સંત સૃષ્ટિ અને દેવદૂતોની દુનિયામાં અદ્ભૂત અને અવિસ્મરણીય હોય છે. પૂજ્યશ્રીના ક્રાંતિકારી સેવાયજ્ઞોએ હવે સેવાના ગ્રંથોમાં નવા અધ્યાય ઉમેર્યા છે.

દુઃખી, રોગી અને પીડીત માનવોની સેવાથી શરૂ થયેલ પૂજ્યશ્રીની સેવા યાત્રામાં હવે મનુષ્ય અને પશુઓના પ્રેતાત્માઓને પણ સંમ્મિલિત કરવામાં આવ્યા છે.

પશુઓમાં પણ જાતજાતના રોગો સંભવી શકે પણ જે એક ભયાનક, અતિ પીડાદાયક અને ચેપી રોગ છે તે ફૂટ એન્ડ માઉથ (ખરવાસા-મોવાસા) આ રોગ "પિકોર્ના" જાતિના વાયરસ કે વિષાણુઓથી થાય છે. આ રોગથી શરૂઆતમાં પશુને ૧૦૨ થી ૧૦૫° ફે. જેટલો તાવ આવે અને પશુના મોઢામાં, જીભ પર, તાળવામાં, હોઠની અંદરના ભાગે ત્થા પગની 'ખરી' ઓમાં ફોલ્લા પડે અને પછી તે ફૂટતાં ચાંદા પડે. પશુના મ્હોમાંથી સતત્ લાળ પડે. પશુ જો દુધ આપતું હોય તો ઉત્પાદન ૩૦ થી ૩૫ % જેટલું ઘટી જાય, અને દુધમાં પણ રોગના જંતુઓ હોય, પરદેશોમાં આવા પશુઓની કતલ કરી નાંખવામાં આવે છે. જ્યારે ભારતમાં રસી મૂકીને પશુઓને જીવાડવામાં આવે છે.

જાન્યુઆરી ૨૦૦૦ થી શરૂ કરીને ફેબ્રુઆરી ૨૦૦૧ સુધીમાં વિશ્વના ૩૦ દેશોમાં આ રોગે દેખા દીધી છે. વિશ્વના ૭ ખંડોમાંથી પાંચ ખંડ આની ઝપટમાં આવી ગયાં છે. દરેક દેશ, આ રોગથી મુક્ત થવા, કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. ઇંગ્લેન્ડ આ રોગથી છેલ્લા ૨૦ વર્ષથી મુક્ત હતું. દક્ષિણ કોરીયા છેલ્લા ૬૫ વર્ષથી આ રોગથી મુક્ત હતું અને જાપાને આ રોગ છેલ્લે ૧૯૦૮ માં જોયેલો. યુરોપના અનેક દેશો જે છેલ્લાં ૨૦ થી ૫૦ વર્ષથી આ રોગથી મુક્ત હતાં ત્યાં છેલ્લા બે વર્ષમાં આ રોગ પ્રસરેલ છે જેનું મુખ્ય કારણ દુષિત માંસ અને તેની બનાવટો ગણાય છે.

આ રોગને કારણે ભારત, પશુ દ્વારા ઉત્પન્ન થતી પેદાશો, જેમકે દુધ, ઉન અને માંસમાં દર વર્ષે ૫૦૦ થી ૬૦૦ કરોડ રૂપિયાનું નુકસાન વેઠે છે.

ફેબ્રુઆરી ૨૦૦૧ માં તાઇવાન, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ અને યુરોપના ઘણા દેશોમાં આ રોગ ફેલાયો. એકલા ઇંગ્લેન્ડમાં આ રોગને પ્રસરતો અટકાવવા પાંચ લાખથી વધારે પશુઓની સામૂહિક કતલ કરવામાં આવી અને તેમને સળગાવી કે દાટી દેવામાં આવ્યા. અનેક તંદુરસ્ત પશુઓએ પણ પ્રાણ ગુમાવ્યાં.

આ નિર્દોષ પશુઓના આત્માની શાંતિ અને મુક્તિ માટે વિશિષ્ટ પૂજા વિધિ અને પ્રાર્થના કરવા માટે, પૂજ્યશ્રીએ તેમની ડીસેમ્બર ૨૦૦૧ થી જાન્યુઆરી ૨૦૦૨ ની ઇંગ્લેન્ડની મુલાકાત વેળાએ,

સત્તાવાળાઓનો સાથ, સહકાર અને પરવાનગી મળે તો જવાનો નિર્ધાર કર્યો. આ હતી સંતહૃદયની વેદના અને અબોલ પશુઓ માટે અંતરનો પ્રેમ...

આના સંદર્ભમાં તા. ૭-૧-૨૦૦૨ ને સોમવારે લંડનથી લેસ્ટર આવતાં, પૂ. બ્હેનજીએ પૂજ્ય ગુરૂદેવને પુછ્યું કે...

૧. પશુઓની મૃત્યુવેળા અધૂરી-વાસના રહી ગઇ હોય ?

૨. પશુઓ પ્રેતયોનિમાં જઇ શકે ?

૩. જો તેઓ પ્રેતયોનિમાં હોય તો તેમની તે યોનિમાં કેટલી અવધિ ?

૪. આ પશુઓના આત્માની શાંતિ આપ કેવી રીતે કરશો ?

પૂજ્યશ્રી તો માતાજીના બાળ છે એટલે બાળ સહજ નિર્દોષતાથી કહ્યું કે 'મને ખ્યાલ નથી', માતાજી મને જણાવશે અને માર્ગદર્શન આપશે તે પ્રમાણે કરીશ.

તારીખ ૮-૧-૨૦૦૨ મંગળવારની રાત્રે, માતાજી પૂજ્યશ્રીના સ્વપ્નમાં આવ્યા. પૂજ્યશ્રી વંદન કરી માતાજીના ચરણમાં બેસી ગયાં. માતાજીએ જણાવ્યું કે લેઇક ડીસ્ટ્રીક્ટમાં વિધિ માટે જવાનું છે. પ્રેતાત્મા મુક્તિ યજ્ઞની જે વિધિ છે તે પ્રમાણે જ કરવું. પશુઓની મૃત્યુ વેળાની છેલ્લી વાસના, ઇચ્છા અતૃપ્ત રહી ગઇ હોય તો તેઓ પ્રેતયોનિમાં જાય છે. પશુઓને પણ મન અને બુધ્ધિ હોય છે. પરિવાર અને માલિક પ્રત્યે આસક્તિ હોય છે. પશુઓની પ્રેતયોનિની અવધિ બે વર્ષની હોય છે. પશુઓની શાંતિ મુક્તિની વિધિમાં તેઓની ઉપર જળ છાંટવાનું. હસ્ત મૂકવાનો નથી.

ભવ વિનાશક અને ભય રોગ નાશક પરમ પૂજ્ય ગુરૂદેવ, માતાજીનો આદેશ મળતાં આનંદિત છે. શ્રી પ્રકાશભાઇ સવજાણી અને શ્રી વિનયભાઇ વડેરાએ તાત્કાલિક સત્તાવાળાઓના સંપર્ક કરીને પરવાનગી મેળવી છે. કંમ્બ્રીયા વેસ્ટ મેનેજમેન્ટ બોર્ડના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી માઇક બેરહામે અતિ પ્રસન્નતાથી પૂર્ણ સહકાર ત્થા આ રોગના નિયંત્રણ માટેના દરેક કાર્યને સત્કાર્યું છે.

પૂજ્યશ્રીના ઇંગ્લેન્ડના લેસ્ટરના નિવાસ સ્થાનથી લેઇક ડીસ્ટ્રીકટ ઘણું દૂર છે. કારમાં જતાં પણ લગભગ છ કલાકનો સમય થાય. પૂજ્યશ્રી અને વડેરા પરિવાર સાથે શ્રી પ્રકાશભાઇ સવજાણી, શ્રી મોહનભાઇ પટેલ, શ્રીમતિ સવિતાબ્હેન પટેલ અને ડૉ. સુનિલ વ્યાસ, તા. ૧૦-૧-૨૦૦૨ ના રોજ લેસ્ટરથી નીકળી માન્ચેસ્ટર જઇને શ્રી હિતેશ અને તરૂ વડેરાને ત્યાં રોકાયાં છે.

તા. ૧૧-૧-૨૦૦૨ ને શુક્રવારે સવારે પૂજ્યશ્રી અને ભક્તો, સવારે ૧૦-૧૫ વાગે માન્ચેસ્ટરથી નીકળી લેઇક ડીસ્ટ્રીકટના પેનરીથ ટાઉનશીપના ન્યુબીગીન વીલેજમાં બપોરે ૧૨-૪૫ વાગે પહોંચ્યા છે. અહીં કંમ્બ્રીયા વેસ્ટ મેનેજમેન્ટ બોર્ડના અધિકારીઓ, પ્રેસ રીપોર્ટરો, ટીવી અને મીડીયાના ફોટોગ્રાફરો વગેરે હાજર હતા. આ વિસ્તારમાં ફૂટ એન્ડ માઉથ રોગના કારણે કેટલાંય ઘેટાંઓ અને ગાયોને મારી નાંખીને દાટવામાં આવ્યાં હતાં.

અતિ દુર્ગમ અને એકાંત વિસ્તાર. અતિશય ઠંડી. હલકી બરફવર્ષા. જમીન પર કાદવ અને

ચીકણી માટી. આખાય નિર્જન વિસ્તારમાં આવી ઠંડીમાં અબોલ પશુઓની સેવા અને મુક્તિ માટે પધારનાર પૂજ્યશ્રીને સો સો સલામ થઇ જાય. દરેકને ઉત્કંઠા છે. જીજ્ઞાસા છે. પ્રકૃતિ અનુકૂળ નથી. શરીર પર ગરમ કપડાંઓ હોવા છતાંય બધા ધ્રુજે છે.

પૂજ્યશ્રીએ જગ્યા બતાવી. આ જગ્યાનું નામ છે ફ્લ્યુસ્કો-લેન્ડફીલ સાઇટ એક પ્લાસ્ટીકની થેલી પર આસન પાથરી પૂજ્યશ્રી ઊભા રહ્યા છે. અને વિધિની તૈયારી કરે છે. ત્યાં જ કાનમાં માતાજીનો આદેશ સંભળાયો કે પશ્ચિમ દિશામાં મુખ કરીને ઊભા રહેવું. પશ્ચિમ દિશા જ કેમ ? હું માનું છું કે પૂર્વ એ સૂર્યોદયની દિશા છે, પશ્ચિમ અસ્તની. જેમના જીવન અકાળે અસ્ત થઇ ગયાં છે એમને આવકારવાના છે માટે પશ્ચિમ દિશા હોઇ શકે.

પૂજ્યશ્રીએ અભિમંત્રિત જળના ત્રણ વર્તુળ કર્યા. ભક્તો ૐ મા ૐ મંત્રનું રટણ કરે છે. અતિશય ઠંડી અને સૂસવાટા ભર્યા પવનથી પહેરેલાં કપડાં પણ ઉડે છે. મ્હોંમાંથી મંત્ર બોલવો પણ મુશ્કેલ છે. આવા વાતાવરણમાં પણ પૂજ્યશ્રી સ્થિર છે. એમના ચ્હેરા પર અદમ્ય ઉત્સાહ છે. માત તણું તેજ છે. શરીરમાં તાજગી છે. હવે પૂજ્યશ્રીએ ત્રણ અગરબત્તીઓ પ્રગટાવી, પ્રાર્થના કરી છે અને પ્રાર્થના પુરી થતાં, હાથમાં જળનો કળશ લઇ, દિવ્ય દ્દષ્ટિએ જ્યાં પણ પ્રેતાત્મા દેખાયાં ત્યાં અભિમંત્રિત જળનો છંટકાવ કરતાં કરતાં દોડે છે. અદ્ભૂત અને રોમાંચક દ્દષ્ય છે. આટલી ઠંડીમાં પણ પાણીમાં હાથ રાખીને દોડવું. આપની સેવાના એક એક કદમને અમારી સૌ ભક્તોની લાખો લાખો સલામ. કાદવવાળી ચીકણી માટીમાં પણ પૂજ્યશ્રીની ગતિને નીહાળવી એ એક લ્હાવો છે. પૂજ્યશ્રીના કાનમાં અવાજ સંભળાયો છે કે "૨૯૩" પશુ આત્માઓને મુક્તિ મળી છે.

જીવનમાં પ્રથમ વાર જ આવા ભારતીય સંતને, પ્રતિકૂળ વાતાવરણમાં આવી સેવા કરતાં જોઇને, પત્રકારો, મીડીયાવાળાઓના મનમાં અનેક પ્રકારના સવાલો ઉદ્ભવ્યાં છે. કહો કે અનેક પ્રકારના પ્રશ્નો પુછીને પોતાની જીજ્ઞાસા સંતોષવાનો પ્રયત્ન કરે છે. ત્યાં તો પૂજ્યશ્રીને એમના ભારતીય પોષાકમાં, આખાય વિસ્તારને આશીર્વાદ આપવા માટેની પ્રાર્થના થઇ છે. નજીકની એક ટેકરી પર, સતત સ્ફૂર્તિમાન પૂજ્યશ્રીના ડગ મંડાયા છે. ગરમ વસ્ત્રોને તિલાંજલિ અપાઇ છે. માત્ર એક પાતળો ઝભ્ભો અને લેંઘામાં આવી કારમી ઠંડીમાં પૂજ્યશ્રી ટેકરી પર બંને હાથ ૧૮૦° ના ખૂણે પ્રસરાવી ઊભા રહીને આશીર્વાદ આપે છે.

પૂજ્યશ્રીની આ મુદ્રા અતિ દુર્લભ છે. આખાય વિસ્તારના અબોલ પશુઓને પોતાની બાહોમાં સમાવી લઇને પૂજ્યશ્રી કહેતા હશે કે ચિંતા મુક્ત બની જાવ. માતાજીએ મને તમારા માટે જ મોકલ્યો છે. "પશુઓના સુક્ષ્મ શરીરને પૂજ્યશ્રીનું આલિંગન." ખૂબ તકદીરવાળા મૃતાત્માઓ છે. મેં તો કોઇ જીવિત ભક્તને પૂજ્યશ્રીની બાહોમાં સમાયેલો જોયો નથી. "પશુઓના પ્રારબ્ધને નમસ્કાર. અને પશુઓને મળ્યા પરમેશ્વર" કારણ પૂજ્યશ્રી પણ માતાજીનું જ સ્વરૂપ છે.

હવે વાનમાં બેસીને પત્રકારો પ્રશ્નો પૂછે છે. બ્હેનજી બધા પત્રકારોને તેમના પ્રશ્નોના અતિ સુંદર જવાબ આપે છે. બ્હેનજીની સમજાવવાની શક્તિના પણ દર્શન થયાં અને તેમના ધૈર્ય અને જ્ઞાનને વંદન થઇ ગયાં.

હવે પૂજ્યશ્રીનો કાફલો પેનરીથ ટાઉનશીપના કાર્લાઇ વીલેજના વિસ્તારમાં પહોંચ્યો છે. ત્યાં બપોરે ૩-૧૫ વાગે પૂજ્યશ્રીએ વિધિ કરી છે અને ૭૧ આત્માઓને મુક્તિ આપી છે.

પરદેશમાં જ્યાં ધર્મ કરતાં વિજ્ઞાન, શ્રધ્ધા કરતાં સત્ય અને સાંભળવા કરતાં અનુભવવાને મહત્વ અપાય છે એ દેશના ચતુર અને જ્ઞાની પત્રકારો પણ પૂજ્યશ્રીના કાર્યથી અતિ પ્રભાવિત છે. તેમનાંમાં પણ આસ્થાએ જન્મ લીધો છે. દરેક પૂજ્યશ્રી અને બ્હેનજીના ચરણોમાં નમન કરે છે. હસ્તધૂનનની ટેવ વાળાઓ પણ મનન કરતાં શીખી ગયાં. ત્યાંના ૧૯ મી જાન્યુઆરીના ગુજરાત સમાચાર, ૧૫ મી જાન્યુઆરીના ચિત્રલેખા, એશીયન વોઇસ અને ન્યુઝ અને સ્ટાર મેગેઝીનમાં આ સેવાયજ્ઞની ભરપૂર પ્રશંસા થઇ છે. ટી.વી. પર પણ આગત્યના સમાચારોની હેડલાઇનમાં પૂજ્યશ્રીના સેવાકાર્યનો આદર થયો છે અને તેમનું અભિવાદન થયું છે.

બીજે દીવસે ૧૨ મી તારીખે વર્કીંગટન વીલેજના લીલીહોલ વિસ્તારમાં સવારે ૧૧-૩૦ વાગે આ વિધિ સંપન્ન થઇ છે. અહીં વાતાવરણમાં સ્હેજ અનુકૂળતા છે. અહીં ૨૦૧ પશુઓને મુક્તિ અપાઇ છે. માતાજીની પ્રેરણા અને સૂક્ષ્મ હાજરીમાં શાંતિ મુક્તિ યજ્ઞથી સર્વેને શાંતિ અને સંતોષની લાગણી થઇ છે. આ સેવાયજ્ઞમાં કુલ ૫૬૫ આત્માઓને મુક્તિ મળી છે. આ પણ એક સૂચિત અને સાંકેતિક સંખ્યા છે. પાંચસો પાંસઠ અંક ખૂબ શુકનવંતો છે. આ સંખ્યાનો પ્રથમ અંક 'પાંચ' સૂચવે છે કે ગાયત્રી માતાના પાંચ મુખ છે અને એનો બાળ જે માતાજી સ્વરૂપ છે તે સ્વયં આપને મુક્ત કરવા આવ્યા છે બીજો અંક 'છ' નો. આમાંના કેટલાયના મૃત્યુ રોગથી થયા, કોઇના ભોગથી થયા અને કોઇના સંજોગથી થયાં. આમ ત્રણ કારણ. હવે શરીરને દાટી દ્યો તો માટી થાય, બાળી દ્યો તો રાખ થાય અને એમનેમ મૂકી દ્યો તો વિષ્ટા થાય. આમ શરીરના અંતે ત્રણ રૂપ. તમારૂં મૃત્યુ ગમે તે કારણથી થયું હોય અને અત્યારે ગમે તે રૂપ હોય તમને મુક્તિ મળે છે. (ત્રણ + ત્રણ = છ) અને જ્યારે પરમેશ્વરીના પ્રતિકના હાથે આપને મુક્તિ મળે છે ત્યારે નવા અવતારમાં પાંચ વસ્તુની ગેરંટી છે. સુખ, સામર્થ્ય, શક્તિ, શ્રધ્ધા અને સંતોષ.

મૃતાત્માઓના પ્રારબ્ધના લેખ બદલાઇ ગયાં. પૂજ્યશ્રીની સેવા યાત્રાના સાડા ત્રણ ડગલાંમાંથી એક ડગલું હતું. "પશુ પ્રેતાત્માની મુક્તિ" આ ડગ દર્શનથી પણ અમે આપના ઋણી થઇ ગયાં. તમારા ચરણોમાં અમારા જીવનનું આચરણ સમાવી શકીએ એટલાજ આશીર્વાદની પ્રાર્થના કરીએ છીએ. અમે પણ સમજીએ છીએ કે,

**આંખો મીંચ્યા વિના તને જ્યોતિ નહીં જડે.**
**ઉંડાળે ઉતર્યા વિના તને મોતી નહીં જડે.**
**હસ્તિને મિટાવ્યા વિના તને અસ્થિ નહીં જડે.**
**બંધનમાં બંધાયા વિના તને મુક્તિ નહીં જડે.**

**ૐ મા ૐ**

## (૯) 'પશુનો પોકાર'

હેમંત ઉપાધ્યાય ૨૮-૦૧-૦૨

(લંડનમાં પશુ પ્રેતાત્મા મુક્તિ યજ્ઞ પછી, પશુને જો વાચા મળે તો એક કલ્પના)

કપાયાં, સળગ્યાં ને દટાયાં છીએ, ભય તમોને, ને અમે રીબાયાં છીએ...
પ્રકાશ્યો કેવો રોગ ફૂટ એન્ડ માઉથ, ને અમોએ જીવન ગુમાવ્યાં છે...
દીધું સુખ સઘળું તમોને તોય, દયાહીન થઇ અમોને માર્યાં છે...
જે પોષાતું તે જ મારતું એ ક્રમ, હવે અમો અનુભવી ચૂક્યાં છીએ...
અમારી હાય નો ગજાવ્યો ગગન સાદ, તેય બ્હેરા કાને અથડાયો છે...
ને જુઓ તકદીર અમારૂં કેવું, અમ કાજે ભારતનો સંત પધાર્યો છે...
પ્રાણ અમારાં કાઢી નાંખ્યા તમે, ને તે પ્રભુ-પ્રસાદ લઈને આવ્યો છે...
શક્તિ સામર્થ્ય જૂઓ એની પ્રાર્થનામાં, ભટકતાં અમોને પ્રેમથી તેડાવ્યાં છે...
વ્હાલથી, હેતથી કેવા આવકારીને, ગાયત્રી ગંગા સ્નાન કરાવ્યાં છે...
આશ, ઈચ્છા કે વાસનાઓ તોડીને, મુક્તિ દાન અમોને દીધાં છે...
હવે પ્રાર્થીએ પરમને એક જ વાત, દેશ, ભારતમાં જન્મ લેવો છે...
અવતાર ગમે તે આપજે પ્રભુ, રાજયોગી સંગ રહેવાના છીએ...
રાજયોગી સંગ રહેવાના છીએ...

## (૧૦) ઉપાસના ભૂલશો નહિં

હેમંત ઉપાધ્યાય તા. ૭-૧૨-૦૧

ભૂલો ભલે બીજું બધું 'ઉપાસના' ભૂલશો નહિં, અગણિત છે લાભ જેના, એહને વિસરશો નહિં. ભૂલો....
માનવ જન્મ તમને મળ્યો, ત્યારે થશે ઉપાસના, પરમના એ ઉપકારને, દાનવ થઈ છૂંદશો નહિં. ભૂલો....
હાથ ઝાલી, દીક્ષા દઈ રક્ષા કરી છે જેમણે, એ સદગુરુના ચરણથી, અળગાં કદી થાશો નહિં. ભૂલો....
નવસૂત્ર આપી લાડથી, પીંછાં બનાવ્યા પ્યારથી, એ રાજયોગી સૈન્યમાં દાખલ થવું ચૂકશો નહિં. ભૂલો....
બીજા ભવે સુખ ચાહો તો આજન્મે સત્કર્મ કરો, જેવું કરો તેવું ભરો, એ સત્યને ભૂલશો નહિં. ભૂલો....
આધિ ત્થા વ્યાધિ મિટાવી, જેણે તમારી રાહ પર, એ માત તણા બાળને, ભવોભવ મૂકશો નહિં. ભૂલો....
ધન ખરચતાં મળે બધું, 'માતમોર' મળશે નહિં, એ પુણ્યના પ્રકાશને, ઓછું કદી ગણશો નહિં. ભૂલો....
શિરછત્ર જેણે ધર્યું, અનંત શક્તિ જેમની, ' શ્રદ્ધા ' ના આ દેવથી અળગા કદી થાશો નહિં. ભૂલો....
સદ્‌ગુરૂ કૃપા ચાહો તો વ્રત માનવતા કરો, પરમશક્તિ મંત્રને તમે કદી છોડશો નહિં. ભૂલો....
સત્સંગથી મળે બધું માત તણા દરબારમાં, જીવન તણી જંજાળમાં, કૂટિરને વિસરશો નહિં. ભૂલો....

# (૧૧) સહજ ઉપાસનાના ઉદ્‌ગાતા

ક્રમશઃ

**ડૉ. તપસ્વી નાન્દી**

આપણા પૂજ્યશ્રીએ બહુ હળવાશથી આ જ વાત કરી છે કે, સંપૂર્ણ શરણાગતિ અને શ્રધ્ધા ગમે તેવી આપત્તિઓને દૂર કરશે. અને ઉપાસના માર્ગમાં આપત્તિઓ, દુષ્ટ શક્તિઓના હુમલા, અને પછી દિવ્ય શક્તિ દ્વારા કસોટીઓ તો આવવાની જ. પૂજ્યશ્રી ઘણીવાર સ્વપ્નાંની વાતો કરે છે તેમાં શ્રી માતાજી, પરમતત્ત્વ, તેમની કેટલીય વાર કેવી કેવી કસોટીઓ કરે છે તે સુજ્ઞ ભક્તોને ક્યાં અસ્પષ્ટ છે? અને વિષાદયોગથી જ ઉપાસનાનો આરંભ શું નથી થતો? સિધ્ધાર્થને વિષાદ થયો તેમાંથી વૈરાગ્ય સ્ફુર્યો. અર્જુનને વિષાદ થયો ત્યારે દિવ્યવાણીમાં દિવ્યજ્ઞાન પ્રાપ્ત થયું. ટૂંકમાં ઉપાસના માર્ગમાં આવતી શારીરિક, માનસિક કે આધ્યાત્મિક કક્ષાની બાધા અડચણોથી ઉપાસકે ગભરાવાનું નથી કેમ કે, પૂજ્યશ્રીએ અભય વચન આપેલું જ છે કે "હું તમારી સાથે જ છું." આવું જ અભય-વચન યોગી મહર્ષિઓ પોતાના અનુયાયીઓને આપતા રહે છે. જેમકે, વાંચો શ્રી અરવિન્દ (અંજન, પૃ. ૧૪૨૩)- તમારામાંથી આ શંકા વિષાદ અને બીજી બીજી વસ્તુઓની ક્રિયાઓને દૂર ફેંકીદો, એ તમારી સાચી અને ઊર્ધ્વ પ્રકૃતિનો કોઇ ભાગ નથી. અશક્તિ, અયોગ્યતાનાં સૂચનો અને આ બધી વિજાતીય શક્તિની બુધ્ધિ રહિત ક્રિયાઓને દૂર દૂર ફેંકી દો. તમારા આત્માનો પ્રકાશ એ વાદળોથી ઢંકાયેલો હોય ત્યારે પણ તેને વફાદાર રહો. **મારી અને શ્રી માતાજીની મદદ તમે તેનો અનુભવ નહિ કરતા હો તેવી ક્ષણોમાં પણ** પાછળના ભાગમાં કામ કરતી રહેશે. તમારે માટે અને સૌ કોઇને માટે એકમાત્ર જરૂરની વસ્તુ એ છે કે, શારીરિક ચેતનાની અંધકારમયતાની શક્તિઓના અંધકારમાં પણ, તમારા આત્માને અને પ્રભુના આવેલા પુકારના સંસ્મરણને દૃઢ રીતે વફાદાર રહો.

"વફાદાર રહો અને તમને વિજય મળશે."

પૂજ્યશ્રી એ જ વાત ખૂબ સરળતાથી સમજાવે છે કે બધી જ તકલીફો દૂર થઇ જશે, જરૂર છે ફક્ત શ્રધ્ધા અને સંપૂર્ણ શરણાગતિની.

આગળ પૂજ્યશ્રી જણાવે છે કે, થોડો સમય એક માળાનો ક્રમ સ્વીકાર્યા પછી ત્રણ માળા કરવાનો નિયમ કરો. માળા એકી સંખ્યામાં કરવી આવશ્યક છે.

આ સાથે જ ધ્યાનમાં દરરોજ બેસવાની ટેવ પાડો. મંગળ અને ગુરૂવારે રાત્રે દસ વાગે દસ મિનિટ ધ્યાન કરવાનું રાખવું. તે ન બને તો પ્રાતઃકાળે ચારથી પાંચના સમય દરમ્યાન ધ્યાન કરવાની ટેવ પાડવાનું પૂજ્યશ્રી સૂચવે છે. આપણે નોંધીશું કે વર્તન અથવા કર્મની શુધ્ધિ પ્રત્યેક કર્મ નિષ્કામ ભાવનાથી પ્રભુ પ્રીત્યર્થે ભક્તિમય સમર્પણરૂપ કરવાથી તે 'યજ્ઞ' બની જાય છે. એવું સમજાવીને પૂજ્યશ્રીએ ઉપાસનાની પ્રક્રિયાના આરંભની વાત અહીં સૂચવી છે. વાણીસંયમ તો જરૂરી છે જ પણ મનની વાણી અને વર્તન ઉપર ઘેરી અસર હોય છે તેથી મનોનિગ્રહ માટે શું કરવું તે પણ પૂજ્યશ્રીની સૂચના પ્રમાણે આપણે જોઇશું. તેમાં તેઓશ્રીએ 'ધ્યાન' ને અગત્યનું ગણાવ્યું છે. ધ્યાનની પ્રક્રિયા તેમણે જે રીતે સ્પષ્ટ કરી છે તે તેઓશ્રીએ સ્વયં સ્ફુરણાથી કહી છે

# (૧૨) જ્ઞાન ગોષ્ઠિ

**સવાલ : વ્યક્તિના નિજી પુરૂષાર્થ વગર સાક્ષાત્કાર સંભવી શકે જ નહિં તો નિજી પુરૂષાર્થ વિષે સમજણ આપવા વિનંતી.**

જવાબ : સાક્ષાત્કાર વિષેની સાચી સમજણ ઉપાસકે કેળવવી પડે. પરમાત્માના ચૈતન્ય તત્વ સ્વરૂપ સાત્ત્વિક જ્ઞાન, આનંદ, પ્રેમ, પ્રસન્નતાનો આવિર્ભાવ અતંરમાંથી ઉદ્‌ભવે અને પરમની સૃષ્ટિના પ્રત્યેક જડ ચેતન સર્જનમાંથી પરમની દિવ્યતા, ગહનતાના દર્શન કરવાની દૃષ્ટિ અને વૃતિ કેળવવી પડે.

રાગ, દ્વેષ, ઈર્ષ્યા અને અહમ્‌નો સભાનપણે ત્યાગ કરવો. સ્વમૂલ્યાંકન કરી તટસ્થભાવે દોષોને દૂર કરવાનો અને સદ્‌ગુણોને વિકસાવવાનો પુરૂષાર્થ વ્યક્તિએ જાતે જ કરવો પડે. આપણું સ્થૂળ બાહ્ય શરીર અને સૂક્ષ્મ શરીર એટલે કે આપણા મન બુધ્ધિ ચિત્ત અને અહંકાર સ્વસ્થ રહે સાત્ત્વિક્તાથી સભર બને ત્યારેજ આપણા અંતરાત્મામાં વિરાજીત શિવતત્ત્વનો દિવ્ય પ્રકાશ પામી શકાય. ગૂઢ સંકેતો અને આદેશોને ઝીલી શકાય, સમજી શકાય પાત્રતા કેળવ્યા પછી જ પરમાત્મા ઉપાસકને તેના વહાલા ભક્તબાળને, જરૂર પડયે તેના ઇષ્ટ સ્વરૂપમાં સાકાર રૂપે દર્શન આપે અથવા માધ્યમ દ્વારા તેનું કાર્ય પાર પાડી આપે.

**સવાલ : આત્માનું સ્વરૂપ કેવું હોય છે ?**

જવાબ : આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. સત્યમ્, શિવમ્, સુંદરમ્ તેની અનુભૂતિ છે. આત્માને કોઇ આકાર ન હોય. ચર્મચક્ષુથી દેખી ન શકાય. શુધ્ધ સાત્વિક ભાવ દ્વારા જ તેના અસ્તિત્વની અનુભૂતિ કરી શકાય.

**સવાલ : જીવની અતૃપ્ત વાસના એટલે શું ? જીવનકાળ દરમિયાન જ અતૃપ્ત વાસના છૂટી જાય તે માટે શું કરવું જોઇએ ?**

જવાબ : જીવાત્માની કોઇપણ સત્વ, રજસ, તમસ ઇચ્છા પરિપૂર્ણ ન થાય, સંતોષાય નહિ વળી આવી અતૃપ્ત ઇચ્છા માટે તે હંમેશાં ચિંતિત રહ્યા કરતો હોય, પરિપૂર્તિ માટે હવાતિયાં મારતો હોય ત્યારે તે અતૃપ્ત વાસના કહેવાય. રાગ, દ્વેષ, ઇર્ષ્યા, અહમ્ ત્યજીને સંતોષયુક્ત સ્વભાવ કેળવવાં હંમેશાં પ્રયત્ન કરવો, જાગૃત રહેવું પરમના શરણમાં જ ચિત્તને લીન કરવાની આદત જીવનના પ્રારંભથી જ પડી હોય તો સમગ્ર ચેતના પરમાત્માના શરણમાં જ સમર્પિત થઇ જાય, પછી તો કોઇ ઇચ્છા ઉદ્‌ભવે જ નહિ.

**સવાલ : કર્મયોગી બને તે વ્યક્તિ કર્મબંધનથી છૂટી જાય એ કઇ રીતે ? સમજાવવા વિનંતી છે.**

જવાબ : કર્મયોગી બનવું એટલે વ્યક્તિનું પ્રત્યેક કર્મ પરમાત્માની ઇચ્છા સાથે જ જોડાયેલું હોય. પ્રભુપ્રિત્યર્થે જ પોતાની જાતને સાધનમાત્ર ગણી અહમ્‌ને અળગો કરી સારા માઠાં ફળની, સફળતા, નિષ્ફળતાની લેશમાત્ર પરવા કર્યા વગર કાર્ય કરવામાં આવે તો તે કાર્ય વ્યક્તિને બંધન કર્તા બનતું નથી.

**ૐ મા ૐ**

## (૧૩) તું મુલાકાતની રૂમમાં આવ

તા. ૧૧-૯-૨૦૦૧ મંગળવારે સવારે અમેરિકા ઉપર થયેલા આંતકવાદી હુમલામાં વર્લ્ડટ્રેઈડ સેન્ટરના બે ૧૧૦ માળના બીલ્ડીંગો અને વોશીંગ્ટનના પેન્ટાગોનનો અમુક ભાગ પ્લેન હાઈજેક કરી ટકરાવી જાન માલનું ભારે નુકસાન થયું હતું. આતંકવાદીઓનું બીજું નિશાન ભારત છે તેવા વર્તમાન પત્રોના સમાચારથી સહુ ભારતવાસીઓ વ્યથિત હતા.

આતંકવાદના હુમલાના અનુસંધાનમાં તા. ૧૨-૯-૨૦૦૧ બુધવારે રાતે સ્વપ્નમાં પૂજ્ય રાજયોગીજીને પરમશક્તિ મા ભગવતીએ જણાવ્યું કે તા. ૧૪ અને તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૧ ભારત માટે ખતરારૂપ છે. ભારતને ઉગારી લેવા માટે પૂજ્યશ્રીએ માતાજીને પ્રાર્થના કરી.

પૂજ્ય રાજયોગીજીનો તા. ૧૫-૯-૨૦૦૧ ના દિવસે પૂર્વ આયોજીત સેવાયજ્ઞનો પ્રોગ્રામ હતો તેથી તા. ૧૩-૯-૦૧ ગુરૂવારે શતાબ્દિ એક્સપ્રેસ રેલ્વેમાં પૂજ્યશ્રી અને બ્હેનજી સુરત ગયાં હતાં.

૧૩ મી તારીખે રાતે પૂજ્ય ગુરૂદેવ રાજયોગી નરેન્દ્રજી તેમની રૂમમાં સૂઇ ગયા હતા તે વખતે થયેલી દિવ્ય અનુભૂતિ અને સમષ્ટિના હિતની રક્ષાનો અહેવાલ પૂજ્યશ્રીના જ શબ્દોમાં નીચે પ્રમાણે છે. "હું મારી રૂમમાં સૂઇ ગયો હતો. માતાજીનો મૃદુ અવાજ મારા કાનમાં સંભળાયો કે **"નીચે આવ"** હું તરતજ નીચેની રૂમમાં-બેઠક રૂમમાં સોફા પર જઇને બેઠો. ફરીથી માતાજીનો મૃદુ અવાજ સંભળાયો "મુલાકાતની રૂમમાં આવ." હું મુલાકાતની રૂમમાં ગયો. રૂમની લાઇટ ચાલુ હતી માતાજી સોફામાં બેઠાં હતાં હું માતાજીના ચરણમાં વંદન કરીને બેસી ગયો.

માતાજીએ મને એક મંત્ર જણાવ્યો. અને મને તે મંત્રના જાપ કરવા જણાવ્યું. મેં આંખો બંધ રાખીને લગભગ અર્ધો કલાક સુધી મંત્ર જાપ કર્યા હશે અને માતાજીનો અવાજ સંભળાયો કે "મંત્ર જાપ બંધ કર" મેં મંત્ર જાપ બંધ કર્યા. તરતજ મારી દૃષ્ટિ સમક્ષ ટેલિવીઝનની જેમ દૃષ્ય દેખાયું, કે

દરિયામાં એક સ્ટીમલોંચ જઇ રહી છે તેમાં વિનાશક સામાન ભરેલો છે, પાંચ દાઢી મૂંછ વાળા પડછંદ આતંકવાદી જેવા દેખાતા માણસો તેમાં છે. માતાજીનો અવાજ સંભળાયો, કે "આ લોકો હઝીરા પર હુમલો કરવા જઇ રહ્યા છે." થોડી જ વારમાં આ બોટ દરિયામાં ડૂબી જતી મેં નિહાળી. માતાજીએ જણાવ્યું "ફરીથી મંત્ર જાપ ચાલુ કર." આશરે અર્ધો કલાક સુધી મેં મંત્ર જાપ કર્યા. મંત્ર જાપ બંધ કરવાનો આદેશ આવ્યો. "બંધ કર" મેં મંત્ર જાપ બંધ કર્યા આંખ ખોલી માતાજી સમક્ષ બેસી રહ્યો. થોડીક વારમાં માતાજી અદૃષ્ય થઇ ગયાં. હું મારી રૂમમાં આવી સ્વસ્થ થઇને સૂઇ ગયો.

## (૧૪) માતાજી દરવાજા પાસે જ ઉભાં હતાં

તા. ૧૪-૯-૨૦૦૧ શુક્રવારે રાતે લગભગ સાડા દસ વાગે સુરતમાં હું મારી રૂમમાં નાઇટ ડ્રેસ પહેરી સૂવાની તૈયારી કરતો હતો. બેટરી મારા ઓશિકા પાસે રાખવા માટે મેં હાથમાં લીધી હતી. ઘડિયાળ બાજુમાં રાખ્યું હતું. તેવામાં મારા કાનમાં માતાજીનો મૃદુ અવાજ સંભળાયો કે "નીચે આવ" આદેશ મળતાં હું તરતજ નીચે ગયો. માતાજી બહાર જવાના બારણા પાસે જ ઉભાં હતાં. મેં દરવાજો

ખોલ્યો માતાજી અને હું બહાર ગયાં અને લગભગ એક કલાક પછી પરત આવ્યાં

સાડા દસ પછી બ્હેનજી મારી રૂમમાં ચશ્મા આપવા માટે આવ્યાં. દરવાજો આયાસ વગર જ ખુલી ગયો હું બાથરૂમમાં હોઇશ તેમ સમજી ચશ્મા ઓશિકા પર મૂકીને ગયાં ૧૦-૧૫ મીનીટ પછી ફરીથી વિચાર કર્યો કે ચશ્મા ઓશિકા પર છે કદાચ માથામાં વાગી જશે તો ! એમ વિચારી રૂમમાં આવી ચશ્મા સાઇડ ટેબલ પર મૂક્યા. આટલી બધી વાર બાથરૂમમાં કેમ થઇ હશે તેમ વિચારી બ્હેનજીએ બાથરૂમનું બારણું ખખડાવ્યું પરંતુ તે બારણું તો ખુલી ગયું. રૂમમાં અને બાથરૂમમાં મને ન જોતાં અને મારા સ્લીપર્સ પણ બેડ પાસે જ પડેલા જોતાં બ્હેનજીને મનમાં ચિંતા થઇ કે "હું ક્યાં ગયો હોઇશ?" તેમની રૂમનું લાઇટ ચાલુ રાખી. દરવાજો ખુલ્લો રાખી ખુરશીમાં મારી આવવાની રાહ જોતાં બેસી રહ્યાં લગભગ કલાક પછી બ્હેનજીએ નીચેનો દરવાજો ખુલવાનો અવાજ સાંભળ્યો, માતાજી મને દરવાજા સુધી મૂકી ગયાં હતાં. હું દરવાજો ખોલી, પરસેવે રેબઝેબ થઇ ગયો હોઇ થોડી વાર નીચેના સીટીંગ રૂમના સોફામાં બેઠો. બ્હેનજી વિહ્વળ ચિંતાતુર હતાં. મારો ખોંખારો ખાવાનો અવાજ સાંભળી બ્હેનજી રૂમની બહાર કઠેડા પાસે આવીને ઉભા અને મને કહે "બાપુ તમે ક્યાં છો?" મેં બેટરીનો પ્રકાશ ધર્યો અને પછી ઉપર મેડા પર મારી રૂમમાં ગયો બ્હેનજીને સાન્તવન આપી જરૂરી વાત જણાવી.

## (૧૫) સ્વપ્નાનુભૂતિ "ચાલ તૈયાર થઇ જા"

તા. ૨૩-૧૦-૨૦૦૧ બુધવારે રાતે લગભગ ૧-૩૦ વાગે માતાજી મારા સ્વપ્નમાં પધાર્યા. મને કહે, "ચાલ તૈયાર થઇ જા" મેં કહ્યું શું પહેરવાનું છે? "માતાજી કહે" "લે આ પહેર".

માતાજીએ સફેદ પેન્ટ, શર્ટ, કેનવાસના સફેદ બુટ અને સફેદ મોજાં મને આપ્યાં. મેં પહેરી લીધાં. હાથમાં દાંડીયા આપ્યા.

અમે બંને નીકળ્યાં. એક સરોવર કીનારે ગયાં. બાજુમાં ઉદ્યાન હતો અને ઉદ્યાનની મધ્યમાં એક ચોગાન હતું. અમે ચોગાનમાં ગયાં.

માતાજીએ ચોગાનમાં મધ્યમાં ઉભા રહી ત્રણ વખત હાથની તાળી પાડી. તરતજ મારાજ દેખાવના, મારાજ પ્રતિબિંબ સમા પંદર દેવકુમારો મારા જ જેવો પરિવેષ પહેરી અંતરીક્ષમાંથી ઉતરી આવ્યાં. સુમધુર દિવ્ય સંગીતની સુરાવલીઓ અગોચરરૂપે વહેવા લાગી. અમે સંગીતના તાલે ગરબે રમવાનું શરૂ કર્યું. માતાજી મધ્યમાં જ હતાં લગભગ દોઢ કલાક અમે રમ્યા હોઇશું સંગીતની સુરાવલીઓ બંધ થઇ ગઇ. અમારૂં ગરબે રમવાનું પણ બંધ થઇ ગયું. માતાજીએ ત્રણ તાળી પાડી અને પંદર દેવકુમારો અદૃષ્ય થઇ ગયા. મારી સ્વપ્ન સૃષ્ટિ પૂરી થઇ ગઇ.

ઘડિયાળ રાત્રિના બે વાગ્યાનો સમય બતાવતી હતી.

આસો નવરાત્રિની અષ્ટમીએ રાતે શ્રધ્ધા ચોકમાં પૂજ્યશ્રીના ઉપરોક્ત દિવ્ય સ્વપ્નની અનુભૂતિ સાકારરૂપે રજૂ કરી ભક્તોને પ્રત્યક્ષતાનો અનુભવ કરાવ્યો હતો. દેવકુમારોના સ્વાંગમાં પંદર યુવાન ભક્ત ભાઇઓ અને માતાજીના સ્વરૂપમાં કુ. કૃપાલિન દુરકાળ સાથે પૂજ્યશ્રી ગરબે રમ્યા હતાં. સમગ્ર વાતાવરણ ભાવસમાધિમાં ગરકાવ થઇ ગયું હતું. સમગ્ર વાતાવરણમાં દિવ્ય સુવાસ પ્રસરી રહી હતી.

# (૧૯) સદ્‍ગુરુને સથવારે.....

**(૧) હર્ષાબ્હેન નાંદી :-**

તા. ૨૧-૧-૦૨ ના રોજ શરીર જકડાઇ ગયું. થયું કે કદાચ્ ઠંડીને લીધે હોય પણ ૨૨-૧-૦૨ ના રોજ તો વધી ગયું. ધ્રુજારી લાગે. પગ જાણે જમીન પર પડતા જ નથી, શરીર ખોટું પડી ગયું હોય તેવો ભાસ થયો. બોલું તોય પરાણે. ઘરમાં કહ્યું કે મારો અવાજ બંધ થઇ જાય તો ગાયત્રીમંત્રની કેસેટ ચાલુ કરજો અને પૂજ્યશ્રીને સાચા દિલથી પોકાર કર્યો. પૂજાનાં રૂમમાં જઇને પ્રાર્થના કરી કે ગુરૂદેવ હજુ ઘણાં કામ બાકી છે. પૂજ્યશ્રીની છબી પર મારા આંસુ પડ્યા. અને પછી રૂમમાં સુવા ગઇ.

શ્વાસમાં તકલીફ હતી. વારેવારે બેઠા થઇ જવું પડે. એક વાર સૂતીને સ્વપ્ન આવ્યું. મેં જ્યાં પૂજા કરેલી તે સ્થળ દેખાયું. પૂજ્યશ્રી દેખાયાં. કહે લાવો શક્તિ આપું મારા શરીર પર ચાર થી પાંચ વાર હાથ ફેરવ્યો. હું ગુરૂદેવને નિહાળું છું ત્યાં જ જાગી ગઇ. પણ આ શું ? શરીરમાં ગજબની સ્ફૂર્તિ. કોઇ જ તકલીફ નથી. ઝડપથી ચાલીને પૂજાના રૂમમાં જઇને ફરી પૂજ્યશ્રીની છબી પર 'અશ્રુઓનો અભિષેક'. નાન્દી સાહેબ પણ આશ્ચર્ય ચકિત થઇ ગયા.

જ્યાં શ્રધ્ધા છે ત્યાં શક્તિ આવી મળે છે. પૂજ્યશ્રીના ચરણોમાં નમન.

ૐ મા ૐ

**(૨) જયશ્રીબ્હેન :-**

હું કીડનીની બિમારીથી પીડાતી હતી અને એને લીધે બ્લડ પ્રેશર પણ રહેતું હતું. આવી ગંભીર બિમારીથી મૃત્યુ નજીક દેખાય. મારા મામા ભરતભાઇએ જાણ્યું તો તેમણે પૂજ્યશ્રીને પ્રાર્થના કરી, કારણ ગુરૂદેવ અમેરિકા હતા. બીજી વાર મારા કુટુંબીજનોની મદદથી દવાખાને પહોંચી અને પગથિયામાં જ પૂજ્યશ્રીને પોકાર કર્યો કે હે ગુરૂદેવ હવે બચાવી લ્યો. અંતરમાં ક્યાંક અવાજ સંભળાયો. "ચિંતા ન કર" હું સાથે જ છું.

ડૉકટરોએ રીપોર્ટ લેવાના શરૂ કર્યા પણ આ શું ? વારાફરતી બધા જ રીપોર્ટ NORMAL આવે. ડૉકટર માનવા તૈયાર નહીં. આખરે કહ્યું હવે અહીં રાખવાની પણ જરૂર નથી. ઘરે લઇ જાવ.

**શ્રધ્ધા તણા સહારે કોઇ પ્રેમથી પુકારે.**
**દોડીને ગુરૂ પધારે, અશ્રુની ધારે ધારે.**

પૂજ્યશ્રીની છબી પાસે ધરાઇને રડી લીધું. ડૉકટર પણ પરિચિત નીકળ્યા જેમણે ફી પણ ન લીધી.

ૐ મા ૐ

**કૂકર ફાટ્યું :-**

ઉર્મિલાબ્હેન પૈસે ટકે સુખી. ઘરમાં નોકર ચાકર પણ ખરા. નવી જૂની પેઢીના લીધે ઉદ્વેગ રહે. તેમના બનેવી ભરતભાઇએ કહ્યું કે અમારા પૂજ્યશ્રીનું અભિમંત્રિત પૂનમનું જળ પીઓ અને ઘરમાં બધે છાંટજો. અમે તે પ્રમાણે કર્યું.

શનિવારના દિવસે રસોઇ ઘરમાં અચાનક કૂકર ફાટ્યું. ગેસની સગડીના સ્ટેન્ડના પાયા છુટા પડી

ગયા. કૂકરનું ઢાંકણ વળી ગયું અને પ્રચંડ ધડાકો.

પણ આ શું ? દિવાલ, છત કે રસોઇમાં કામ કરનારને કોઇ જ ઇજા નહીં. બધા સલામત. પૂજ્યશ્રીના જળથી એક આફતમાંથી ઉગરી ગયાં.

પૂજ્યશ્રીના ચરણોમાં સૌ નમી પડ્યાં.

**જયેશ :- (વડોદરા)**

કીડનીની બિમારીથી પીડાય. એલોપેથીની હાઇપાવરની ટીકડીઓથી બીજી બિમારીઓ પણ વધી. નાસીપાસ થયેલો. નવરાત્રિની આઠમે, તેમના માસા, ભરતભાઇએ પૂજ્યશ્રીને વાત કરી તો પૂજ્યશ્રીએ "મેથી-રાઇ" અભિમંત્રિત કરી આપ્યા અને આશીર્વાદ આપ્યા. આ મેથી રાઇ અને 'મેરા જીવન જળ' બનાવવાની રીત ભરતભાઇએ Courrier મારફત વડોદરા મોકલ્યા. જયેશે પૂરી શ્રધ્ધાથી મેરા જીવન જળ લીધું અને થોડા વખતમાં તો બધી જ બિમારીઓ અદૃષ્ય થઇ ગઇ અને ઓફિસમાં જવાનું શરૂ કરી શક્યો.

ગુરૂ કૃપા હી કેવલમ્. દવા કરતાં દુવાઓ ખૂબ કામ કરી ગઇ. પૂજ્યશ્રીના ચરણોમાં મસ્તક નમી રહ્યું.

## (૧૭) "ભક્તોની લેતા સંભાળ"

(લંડનના ભક્ત શ્રી મોહનભાઇ પટેલનો સ્વ અનુભવ)

લંડન ખાતે રહેતા શ્રીમતિ સવિતાબ્હેન પટેલ અને શ્રી મોહનભાઇ પટેલ ત્થા તેમનો આખોય પરિવાર પૂજ્યશ્રીના ચરણોમાં નિશ્ચિંત છે કારણકે વર્ષોથી એમણે પૂજ્યશ્રીના સાનિધ્યમાં એક સંકલ્પ કર્યો છે "અબ સૌંપ દિયા ઇસ જીવનકા સબ ભાર તુમ્હારે ચરણોમેં" અને જ્યાં શરણાગતિ સ્વીકારાય ત્યાં ભક્ત વત્સલ પૂજ્યશ્રી, ભક્તોને અનેક પ્રકારે સહાયક, માર્ગદર્શક અને સંરક્ષક બન્યાં છે એવો અનુભવ સૌને છે .

શ્રીમતિ સવિતાબ્હેન અને શ્રી મોહનભાઇ, પૂજ્યશ્રીના જન્મોત્સવમાં ભાગ લેવા અહીં ભારત પધાર્યા છે. સાતમી સપ્ટેમ્બરના મહોત્સવમાં આ દંપતિએ ખૂબ આનંદ માણ્યો છે. અહીંથી ૧૦ મી સપ્ટેમ્બરે નીકળી સિંગાપોર-બાલી જવાના છે અને ત્યાંથી પૂજ્યશ્રીના અન્ય કાર્યયજ્ઞમાં હાજર રહેવા ભારત પરત આવનાર છે. સિંગાપોરથી ફોન પર પૂજ્યશ્રી સાથે વાત કરતાં આદેશ મળ્યો કે ભારત આવશો નહિં. સીધા ઘરે પહોંચી જાવ. અર્થાત્ લંડન જતાં રહો. માર્ગદર્શક પૂજ્યશ્રીના આદેશનું ક્યારેય ઉલ્લંઘન નહી કરનાર એવા શ્રી મોહનભાઇ અને સવિતાબ્હેન લંડન પહોંચ્યા.

એક સપ્તાહ પછી મોહનભાઇને પેટમાં દુ:ખાવો શરૂ થયો. સામાન્ય ગેસની તકલીફ માની ઘરગથ્થુ ઉપચાર કર્યા અને ઘરે જ રહ્યા. બીજે દિવસે ૨૯ મી સપ્ટેમ્બરે વહેલી સવારે ૩-૦૦ વાગે ફરીથી દુ:ખાવો થયો. ઘરનાં ડોકટરોએ કહ્યું કે, આ ગેસની બિમારી નથી. તરત જ હોસ્પિટલ લઇ ગયા. રવિવારનો દિવસ, હોસ્પિટલમાં સ્ટાફ ઓછો એટલે ઓબ્ઝર્વેશનમાં રાખ્યા. શ્રીમતિ સવિતાબ્હેન સતત્ પરમ શક્તિ મંત્રના જાપ કરે. પૂજ્યશ્રીનો સંપર્ક કરવા પ્રયત્ન કરે અને સુક્ષ્મ સ્વરૂપે પૂજ્યશ્રી સાથે જ

છે એવો ભાવ રાખે. સોમવારે બપોરે ૧-૦૦ વાગે શરૂ થયેલ ઑપરેશન સાંજે ૪-૦૦ વાગે પત્યું. કુટુંબની કોઇ પણ વ્યક્તિને મળવાની મનાઇ એટલે ઘરે રહીને પૂજ્યશ્રીનું સતત્ સ્મરણ કરતાં રહ્યાં.

તા. ૨ જી ઓક્ટોબરે પૂજ્યશ્રી સાથે વાત થઇ અને હોસ્પિટલમાંથી રજા નથી આપી એવું જણાવતાં જ પૂજ્યશ્રીએ કહ્યું કે ડૉકટરોએ ભૂલ કરી છે. એપેન્ડીક્સમાં આટલા દિવસ રાખે નહીં.

ભક્ત કષ્ટ સંહારક, ભક્ત દુ:ખ નાશક પૂજ્યશ્રી ચિંતિત બની ગયાં. લંડન જેવા પ્રગતિશીલ દેશમાં પણ ડૉકટરો ભૂલ કરી શકે ? નિષ્ણાતો, અદ્યતન સાધનો અને સગવડો હોવા છતાંય એક નાના ઑપરેશનમાં દર્દીને આટલી વ્યથા ભોગવવી પડે ?

એક અઠવાડિયા પછી રજા આપવાનો દિવસ. દુ:ખના દિવસો પૂરાં થશે એવો કાલ્પનિક આનંદ અને મોહનભાઇને ઉલ્ટી થઇ. ઉલ્ટી થતાં સાથે જ ઑપરેશનના ટાંકા તૂટી ગયા. આંતરડુ બહાર. દયાજનક સ્થિતિ અને તાત્કાલિક ઑપરેશનની જરૂરિયાત. સુખનું કિરણ દુ:ખના વાદળોમાં ઢંકાઇ ગયું. પરિસ્થિતિ વિકટ, મુંઝવણો અને શંકાઓ વધ્યા. શ્રધ્ધા ડગી જાય તેવા સંજોગો છતાંય સવિતાબ્હેન મક્કમ અને શાંત છે. પૂજ્યશ્રીમાં અખૂટ અને અતૂટ શ્રધ્ધાએ એમને ગજબની હિંમત અને શક્તિ બક્ષ્યાં છે.

ફરીથી ઑપરેશન થયું. એક અઠવાડિયું વધારે હોસ્પિટલમાં રોકાયા અને ફરીથી એક દિવસે ડૉકટરોએ કહ્યું 'ટાંકા ખુલી ગયા છે. ફરી ઑપરેશન' કુટુંબના માણસો માટે તો આફતનો પહાડ. પૂજ્યશ્રીને ફરીથી ફોન કર્યો અને પૂજ્યશ્રીએ કહ્યું. ચિંતા ના કરો. હું અહીંથી સારવાર આપું છું.

તા. ૧૭ મી ઓકટોબરે ભારતના રાત્રે નવ વાગે પૂજ્યશ્રીએ શક્તિ પ્રદાન સારવાર શરૂ કરી. લંડનમાં મોહનભાઇએ આંખો બંધ કરી બંને હાથની હથેળીઓ ખુલ્લી રાખી પાંચ મીનીટ બેસવાનું. ગુરૂ શક્તિના સ્પંદનો દેશાવરમાં બેઠેલા ભક્તના વ્યાધિને રોગમુક્ત કરવા લાગ્યા. ૧૮ મી એ પણ આજ ક્રમ. તા. ૧૯ મી એ મોહનભાઇની મુઠ્ઠી બંધ રહી ગઇ. સવિતાબ્હેન કશું કહી ન શક્યા. પણ સારવાર દરમ્યાન આપોઆપ હથેળી ખુલી જતી જોઇ, સવિતાબ્હેન સજળ નેત્રે પૂજ્યશ્રીને સ્મરણથી કોટી કોટી નમન કરી રહ્યાં. પૂજ્યશ્રીની શક્તિ સામર્થ્યના દર્શન થયાં. અને ત્રણ દિવસની સારવાર પછી ડૉકટરોએ કહ્યું કે ટાંકા બરાબર છે. ઑપરેશનની જરૂર નથી. ઘરે જઇ શકાય.

જ્યાં નિષ્ણાતો ભૂલ્યા, ત્યાં પૂજ્યશ્રીએ માઇલો દૂર હોવા છતાંય ભક્તની કેવી લીધી સંભાળ ?

અમે સહુ પૂજ્યશ્રીને એક જ વિનંતિ કરીએ કે,

**અમે તમારાં બાળ.**
**અમારી લેજો સંભાળ.**
**જ્યારે રોગ પજવે વારંવાર.**
**ત્યારે શક્તિની દેજો સારવાર.**
**શક્તિની દેજો સારવાર.**

ૐ મા ૐ

## (૧૮) "પ્રભુતામાં પગલા માંડતી લાડલી દીકરીને માતાની સોનેરી શિખામણ"

દીકરી, તું ગૃહસ્થાશ્રમમાં પ્રવેશી રહી છે ત્યારે તારા સુખી, સંતોષી અને સફળ દામ્પત્યના શણગાર માટે તને મહામૂલા શિખામણના સોનેરી આભૂષણો આપું છું. આ મહામૂલા સોનેરી આભૂષણોથી તારો ગૃહસ્થાશ્રમ દીપી ઉઠશે.

૧. તારા પતિ સાથે હંમેશા આદર સહિત, નમ્રતા, પ્રસન્નતા અને પ્રેમ પૂર્વક વર્તજે. સુખ દુઃખમાં સાથ નિભાવી સહૃદયતા દાખવી પતિના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરી દેજે.

૨. શ્વસુરગૃહના આત્મીયજનો સાથે પ્રેમનું સગપણ બાંધજે. મર્યાદા, નમ્રતા, સરળતા અને વિવેકથી પ્રેમનું બંધન મજબૂત બનાવજે.

૩. આપણી સંસ્કૃતિને શોભે તેવા જ વેશ, કેશ અને અલંકાર પરિધાન કરજે.

૪. પતિની તેમજ કુટુંબની આવક પ્રમાણેજ કરકસરથી અને વિવેકયુક્ત જાવક(ખર્ચ)નું આયોજન કરજે.

૫. વાણી, વર્તન અને વ્યવહારમાં વિવેક દાખવજે ક્રોધ, લોભ, ઈર્ષ્યા, નિંદા, અહમ્ જેવા અનિષ્ટો સામે સદાય સતર્ક રહેજે જેથી ગૃહ્સ્થાશ્રમને ક્યારેય કલેશની કાલિમા સ્પર્શી ન જાય.

૬. ગૃહ કાર્ય, ગૃહ સજાવટ, સ્વચ્છતા અને રસોઇમાં નિપુણતા દાખવજે.

૭. સહુ પ્રત્યે સરળતા, સમતા અને સેવાભાવ દાખવજે.

૮. પ્રેમાળ વર્તન, સમજણ, સહનશીલતા અને ક્ષમાના ગુણથી તારા દામ્પત્યને દીપાવજે. દૂધમાં સાકર ભળી જાય તેમ તારા અસ્તિત્ત્વને દામ્પત્યના દૂધના કટોરામાં ભેળવી દેજે.

૯. ઇષ્ટ દેવની પ્રાર્થના પૂજા, સંતોની સેવા, અતિથિનો સત્કાર અને વડીલોનાં આશીર્વાદ લેવાનો નિયમ અવશ્ય રાખજે.

૧૦. સાત્વિક અને સંસ્કારી ભાવિ પેઢીના નિર્માણ માટે તારૂં દામ્પત્ય જીવન ઉજ્જવળ બનાવજે.

**રાજયોગી નરેન્દ્રજી**

## (૧૯) "લગ્ન કરવા જતા દિકરાને પિતા તરફથી શિખામણ"

૧. લગ્ન ગ્રંથીથી જોડાયા બાદ પરસ્ત્રી માત સમાન ગણવી.

૨. પત્નિનું માન જાળવવું.

૩. પત્નિ તરફથી સાંસારિક તેમજ વ્યવહારિક બાબતોમાં સલાહ સૂચન આવકારવા.

૪. પત્નિનું રક્ષણ કરવું.

૫. લગ્ન પછી આત્મીયજનો, માતા-પિતા, ભાઇ-બહેન, દાદા-દાદી વિગેરે સાથે અગાઉનો પ્રેમ, ભાવ, લાગણી સભર વાતાવરણ ચાલુ રાખવું.

૬. સ્વાર્થ, સંકુચિતતા, સંશય યુક્ત વૃતિ રાખવી નહિં.

૭. દરેક વ્યવહારિક બાબતોમાં તટસ્થ ભાવે મૂલ્યાંકન કરવું.

૮. સાસરી પક્ષના સભ્યો સાથે પ્રેમાળ અને સુમેળભર્યું વર્તન દાખવવું.

૯. ઉભય પતિ-પત્નિમાં મતભેદ પડે પરંતુ મનભેદ પડવો ન જોઇએ.

૧૦. માતા-પિતા, વૃધ્ધાવસ્થાને આરે હોય તો તેમનું માન જાળવવું.

દિકરા, આ દસ સૂત્રો-શિખામણ આચરણમાં મૂકશો તો તમારૂં લગ્ન જીવન આનંદદાયક અને સુખમય જશે.

**રાજયોગી નરેન્દ્રજી**

## (૨૦) “માતા-પિતાની છત્રછાયા”

હયાત માતા-પિતાની છત્રછાયામાં, વ્હાલપના બે વેણ બોલીને નીરખી લેજો
હોઠ અડધા બીડાઇ ગયા પછી, ગંગાજળ મૂકીને શું કરશો.....
અંતરના આશીર્વાદ આપનારને, સાચા હ્રદયથી એકવાર ભેટી લેજો
હયાતી નહીં હોય ત્યારે નત મસ્તકે, છબીને નમન કરીને શું કરશો.....

કાળની થપાટ વાગશે અલવિદા એ થઇ જશે, પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહીં ફરે
લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહીં મળે, પછી દિવાનખંડમાં તસ્વીર મૂકીને શું કરશો.....
માતા-પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે, અડસઠ તીર્થ તેના ચરણોમાં બીજા તિરથ ના ફરશો
સ્નેહની ભરતી આવીને ચાલી જશે પળમાં, પછી કિનારે છીપલાં વીણીને શું કરશો.....
હયાત હોય ત્યારે હૈયું તેનું ઠારજો, પાનખરમાં વસંત આવે એવા વ્યવહાર રાખજો
પંચમહાભૂતમાં ભળી ગયા પછી આ દેહના, અસ્થિને ગંગામાં પધરાવીને શું કરશો.....
શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો, હેતથી હાથ પકડીને ક્યારેક તીર્થ સાથે ફરજો
માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે, પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો.....
પૈસા ખર્ચતાં સઘળું મળશે મા-બાપ નહીં મળે, ગયો સમય નહીં આવે લાખો કમાઇને શું કરશો.....
પ્રેમથી હાથ ફેરવીને “બેટા” કહેનાર નહીં મળે, પછી ઉછીનો પ્રેમ લઇને આંસુ સારીને શું કરશો.....

**સભાર “શ્રવણ”**

## (૨૧) નાગોથાણે મહારાષ્ટ્રમાં કાર્યયજ્ઞ

સનાતન સંસ્કૃતિ સંસ્થાના સાધક ડૉ. શીરકે અને અન્ય સાથીદારોએ પોતાના નાનકડા ગામ નાગોથાણેના લોકોને પૂજ્યશ્રીની સેવાયજ્ઞનો લાભ મળે અને આધિ વ્યાધિ ઉપાધિમાંથી રાહત, માર્ગદર્શન મેળવી શકે તે આશયથી બે વર્ષ અગાઉ, આ વિભાગની પૂજ્યશ્રીની મુલાકાત વેળાએ વિનંતી કરી હતી.

સાધકોનો ભાવ અને ગામલોકોની જરૂરીયાતને લક્ષમાં લઈ પૂજ્યશ્રીએ તા. ૨૬- અને ૨૭ ફેબ્રુઆરી ૦૨ નાગોથાણે અને કામથ રીસોર્ટમાં વ્યક્તિગત મુલાકાતનો કાર્યયજ્ઞ ગોઠવ્યો હતો.

પનવેલ મહારાષ્ટ્રમાં સનાતન સંસ્કૃતિનો આશ્રમ છે. સંસ્થાના સંચાલક અને સાધકોના ભાવભીના નિમંત્રણથી પૂજ્યશ્રી, બ્હેનજી અને તેમના ભક્ત પરિવાર સાથે તા. ૨૫-૨-૦૨ સોમવારે સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાના સંચાલક શ્રી અને શ્રીમતી નાયક અને અન્ય સાધક ભાઈબ્હેનોએ પૂજ્યશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. સંસ્થાની કાર્યવાહી અને વિવિધ સાહિત્યનો પરિચય કરાવ્યો હતો. સંસ્થાના આધ્યસ્થાપક ડૉ. આથવલેજીના કાર્યયજ્ઞની વીડીયો કેસેટ બતાવી હતી. ભારતની સનાતન આર્ય સંસ્કૃતિને લોકાભિમુખ કરવાનો અને સુખી સ્વસ્થ માનવ, સમાજ અને રાષ્ટ્રનિર્માણનું કાર્ય અભિનંદનને પાત્ર છે.

પૂજ્ય બ્હેનજીએ પૂજ્યશ્રીના કાર્યયજ્ઞ વિષે માહિતી આપી હતી. પૂજ્યશ્રીના નવસૂત્રો દર્શાવતાં દર્શન પાકીટ ભેટ તરીકે દરેક સાધકને આપવામાં આવ્યાં હતાં. પૂજ્યશ્રીનું અન્ય સાહિત્ય સંસ્થાને ભેટરૂપે આપ્યું હતું. આ સંસ્થા પોતાનું દૈનિક પત્ર ભારતની વિવિધ ભાષાઓમાં છાપે છે. તા. ૨૬-૨-૦૨ના રોજ પૂજ્યશ્રીની મુલાકાતની વિગત છાપવામાં આવી હતી.

તા. ૨૬-૨-૦૨ અને તા. ૨૭-૨-૦૨ ના સેવાયજ્ઞનું આયોજન બહુ શિસ્તબધ્ધ રીતે કરવામાં આવ્યું હતું. દરેક મુલાકાતી પૂજ્યશ્રીનું માર્ગદર્શન અને આદેશ સહેલાઈથી સમજી શકે તે હેતુથી મરાઠી ભાષામાં છાપી ને સમજાવવામાં આવતું હતું. દરેક મુલાકાતીને મરાઠીભાષામાં છપાવેલ દર્શન પાકીટ નિ:શુલ્ક આપવામાં આવ્યાં હતાં.

સ્થાનિક કાર્યકર્તાઓ અને પૂજ્યશ્રી સાથે પધારેલા ભક્તો પણ સેવાયજ્ઞમાં સામેલ થઈ પોતાનો સહયોગ આપી રહ્યા હતાં. લગભગ ૪૦૦ વ્યક્તિઓએ પૂજ્યશ્રીનું માર્ગદર્શન મેળવ્યું હતું.

## (૨૨) દિવ્ય આદેશ

**પૂજ્ય રાજયોગીનરેન્દ્રજી** **તા. ૧૨-૩-૦૨**

તા. ૧૨-૩-૦૨ મંગળવારે મહાશિવરાત્રીના પાવન દિવસે સવારે પૂજા દરમિયાન સીમા સુરક્ષા કરવા જવા માટે પૂજ્ય ગુરુ દેવને નીચે પ્રમાણે અગોચર આદેશ મળ્યો. પૂજ્યશ્રીના શબ્દોમાં જ આ દિવ્ય આદેશને સમજીએ...

મારી ઉપાસના દરમિયાન મારી આંતરદષ્ટિ સમક્ષ ટી.વી.ના પડદા પર ગુજરાતી ભાષામાં લખાણ વાચ્યું કે સરહદની સુરક્ષા માટે નીચે પ્રમાણે વિધિ કરવી.

(૧) સફેદ રેશમી દોરો હાથમાં રાખી મંત્ર બોલવાનો જ્યાં સુધી વિધિ ચાલે ત્યાં સુધી બીજું કંઈજ બોલવાનું નહિ.

(૨) સફેદ રેશમી દોરો જમીનના ભાગને અડકવો જોઈએ.

(૩) સફેદ રેશમી દોરાને સવાલાખ મંત્રથી અભિમંત્રિત કરી દેવાનો.

(૪) આ સુરક્ષાની સમય મર્યાદા ત્રણ માસની રહેશે.

(૫) આ મંત્ર ગોપિત રાખવો.

ભારતની અને તેમાંય ગુજરાતની સીમાઓ પર આતંકવાદનો ત્રાસ વધી રહ્યો છે. દેશની સુરક્ષા માટે પૂજ્યશ્રી સીમા સુરક્ષા માટે સઘન રીતે વિચારી રહ્યા હતાં. માતાજીના આદેશ અને માર્ગદર્શનની પ્રતિક્ષા કરતા હતા. માતાજીને પ્રાર્થના કરતા હતા.

મહાશિવરાત્રીના મંગલ દિવસે મળેલ આ દિવ્ય આદેશથી પૂજ્યશ્રીએ ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ તબક્કે ગુજરાતની સીમાઓને સુરક્ષિત કરવાનું પૂજ્યશ્રી આયોજન કરી રહ્યા છે.

## (૨૩) મહાશિવરાત્રી - ૨૦૦૨

શ્રધ્ધા કુટીરમાં આજે સાંજે શિવમય વાતાવરણ જામ્યું હતું. સાંજે છ વાગે પૂજ્ય ગુરુ દેવે હીંડોળા ખાટ પર આસન ગ્રહણ કર્યું અને શ્રધ્ધાની ચેતનાની જ્યોતિ વધુ પ્રજ્જવલિત બની. શ્રધ્ધા કુટીરનો વિશાળ પટ ભક્ત સમુદાયથી ઉભરાઈ રહ્યો છે. ભાવિક ગાયકવૃંદે આજના ઉત્સવને અનુરૂપ ધૂન, ભજનથી સમગ્ર માહોલને ભક્તિના ભાવથી ભરી દીધું.

પૂજ્ય ગુરુ દેવનું વક્તવ્ય-આર્શીવચન, આદેશ, બહુ જ રોચક અને પ્રેરક હતા. વિશ્વશાંતિમાં સહુના યોગદાન માટે સદ્‌વિચારોનાં આંદોલનો વાયુમંડળમાં પ્રવાહિત કરી સ્વ અને સમષ્ટિના શ્રેયની વાત સરળ રીતે પૂજ્યશ્રીએ દર્શાવી હતી.

સીમા સુરક્ષા કરવા માટે પૂજ્યશ્રીને આજે સવારે પૂજા દરમિયાન મળેલ દિવ્ય આદેશની જાણ પૂજ્ય બ્હેનજીએ ભક્ત સમુદાયને કરી હતી. પૂજ્યશ્રીએ સ્વયમ્ સવાલાખ મંત્રજાપ કરી રેશમની દોરી અભિમંત્રિત કરવાની છે. આ વાતથી ભક્તોએ રોમાંચ અને અહોભાવની લાગણી વ્યક્ત કરી હતી.

કુટીરના સહુ ભક્તોએ પૂજ્યશ્રીના સ્વહસ્તે સ્વાદપ્રચુર કરેલ બટાકાની સૂકીભાજી અને કેળાંનો પ્રસાદ પ્રેમથી આરોગ્યો હતો. સમગ્ર સત્સંગની પૂર્ણાહૂતિ રાત્રે નવ વાગે કરવામાં આવી હતી.

# સદ્વિચારોનું સામર્થ્ય

તા. ૧૨-૩-૦૨ પૂ. રાજયોગી નરેન્દ્રજી

**વ્હાલા આત્મીયજનો,**

આજે શિવરાત્રી છે. શિવ પરમાત્માને આરાધવાનો અને શિવજીના આદર્શો અને આદેશોને આત્મસાત કરવાનો અને વિશ્વકલ્યાણના માર્ગમાં પ્રસરાવવાનો, ઉત્સવ. શિવ એટલે કલ્યાણ અને રાત્રિ એટલે અંધકાર. જીવનમાં કલ્યાણમય આચરણને આત્મસાત કરવું અને અજ્ઞાનતા અંધશ્રધ્ધારૂપી જીવનમાં વ્યાપી રહેલા અંધકારને વિદારવાનો દિવસ. માનવજીવનમાં અને જગતમાં વ્યાપી રહેલા અજ્ઞાન, અંધશ્રધ્ધા, અરાજકતા અને અવિવેકરૂપી અંધકાર અમાવાસ્યાની રાત્રિ જેવો છે. સાચું સાત્ત્વિક જીવન જીવવાનું જ્ઞાન, પરમની સૃષ્ટિ પ્રત્યે સાચી શ્રધ્ધા અને નિષ્ઠા, સમત્વનો ભાવ, વિવેક પૂર્વકનું આચરણ, પરમનું સતત સ્મરણ અને સાનિધ્ય કેળવવાનો આ ઉત્સવ છે. અમાવાસ્યાના અંધકારની ભયાનકતાને પૂર્ણિમાની શીતળ ચાંદનીમાં પરિવર્તિત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવાનો આ મંગળ દિવસ છે. વિશ્વશાંતિમાં અને વિશ્વક્રાંતિમાં આપણું યોગદાન આપવાનો આપણે આજથી જ દૃઢ સંકલ્પ કરીએ. શાંતિ અને ક્રાંતિની શરૂઆત વ્યક્તિના મનમાંથી જ થવી જોઇએ... માનવ મન સારા ખોટા, સાત્ત્વિક અસાત્ત્વિક વિચારોના પ્રવાહમાં ફંગોળાયા કરે છે. મનને અશુભ વિચારોના પ્રવાહમાં ફંગોળાતું અટકાવવા માટે આપણે શું કરવું જોઇએ ?

મન એ મનુષ્યનો સૂક્ષ્મ ભાવ છે. મનુષ્યનું ભાવમય જીવન મનથી જ ઘડાય છે. સદ્ભાવ કે દુર્ભાવ વ્યક્તિના સદ્વિચાર કે દુર્વિચાર પર અવલંબે છે.

વિચાર, વીજળી અને વરાળ માનવજીવનના વિકાસમાં અને વિનાશમાં મહત્વનો ભાગ ભજવી શકે છે. આ ત્રણેય વિરાટ તત્ત્વની શક્તિ જ્ઞાની, સંસ્કારી અને વિવેકી વ્યક્તિના નિયંત્રણમાં હોય તો તેનો વિનિયોગ લોક કલ્યાણ અર્થે થઇ શકે , પરંતુ જો આ વિરાટ તત્ત્વની શક્તિનું નિયંત્રણ અજ્ઞાની, અવિવેકી અને અસંસ્કારી વ્યક્તિના હાથમાં હોય તો તે માનવ સમાજ અને વિશ્વ માટે વિનાશ નોતરી શકે.

વર્તમાન જગતમાં વીજળી અને વરાળની શક્તિથી ઓછી મહેનતે, ઓછા સમયમાં મહાન કાર્યો કરી શકાય છે. દુનિયાને નજીક લાવી શકાઈ છે. આકાશ, પાતાળ, પૃથ્વીના તેમજ બીજા ગ્રહોના રહસ્યો શોધવાનું, જાણવાનું સરળ બની રહ્યું છે.

વીજળી અને વરાળ કરતાં પણ વિચારની શક્તિ વધુ બળવાન છે. વિચાર શક્તિને નિયંત્રણમાં રાખવામાં આવે તો તે માનવ વિકાસના ક્ષેત્રમાં ઘણું જ યોગદાન આપી શકે. વીજળી અને વરાળનું યોગ્ય સંચાલન મહાકાય મશીનોને ગતિ આપી શકવાની ક્ષમતા ધરાવે છે તેવી જ રીતે માનવ મનના વિચારો માનવીનાં દરેક કાર્યને ગતિ આપી શકે છે.

વિચારોની શક્તિ જડ અને ચેતન બંનેને અસર કરી શકે છે. મનુષ્યના વિચારોમાં જેવો ભાવ હોય શુભ કે અશુભ ભાવ હોય તે પ્રમાણે વિચારોના આંદોલનો માનવ મનમાં ઉદ્‌ભવે છે. મનના પ્રદેશને ઉર્ધ્વગામી કે અધોગામી બનાવવું તે માનવીના નિઃસ્વાર્થી, પ્રેમાળ, કલ્યાણકારી વિચારો અથવા સ્વાર્થી, ઈર્ષ્યાળુ અને હલકા પ્રકારના વિચારો પર આધાર રાખે છે. વિચારોની કક્ષા પ્રમાણે જ મનનું બંધારણ થાય છે. હલકા પ્રકારના વિચારોથી બંધાયેલું મન આત્માની ઉન્નતિ ન થવા દે.આવી વ્યકિત સમાજમાં અરાજકતા, આતંકવાદ અને આસુરી તત્ત્વો નો ફેલાવો કરે.

**મનનું બંધારણ જો સાત્વિક કરવું હોય તો શુભ સાત્વિક વિચારોને જ મનમાં પ્રવેશ આપો. મનના પરમાણુઓને શુભ વિચારોથી સભર કરી દો. મનના પરમાણુઓ શુધ્ધ વિચારોથી ભરાઇ જાય પછી અશુભ, અશુધ્ધ વિચારોને મનમાં પ્રવેશ મળી શકશે નહિં.**

ઇર્ષ્યા, રાગ, દ્વેષ, અહમ્ જેવા અધોગામી તત્ત્વોથી ભરેલા વિચારો નબળા પડતા જશે, નાશ પામશે અને શુધ્ધ સાત્વિક વિચારોથી મન સભર બનશે. શુભ વિચારોનું સામ્રાજ્ય મનમાં પ્રસરી રહેશે. શુભ વિચારોને મનમાં લાવવા માટે શું કરવું જોઇએ ? શુભ વિચારોને મનમાં ગતિ આપવા માટે હંમેશાં નિયમિતપણે આટલું તો અવશ્ય કરો જ.

**૧. નિયમિત ઉપાસના, નામ સ્મરણ, જપ, તપ, ધ્યાન, ભજન, કીર્તન વિગેરેથી મનને શુભ આંદોલનોથી ભરી દો.**
**૨. સાત્વિક વાંચન, શ્રવણ, મનન, ચિંતન કરો.**
**૩. પરમની જડ ચેતન સૃષ્ટિમાં વિહાર કરો, મનને પરમની સૃષ્ટિમાં વિહરવા દો, શાંતિ, આનંદ અને તાજગીનો અનુભવ કરવા દો.**
**૪. સજ્જન, સંત, જ્ઞાનીનો સંગ કેળવો, સત્સંગ કરો.**
**૫. કલ્પના શક્તિને ખીલવવા, મનને પ્રવૃત કરો.**
**૬. તમારી અંદર છુપાયેલ લેખક, કવિ, કલાકારની આકૃતિને ઉપસાવવા પ્રયત્નશીલ રહો.**

**નવરાશની ક્ષણોમાં મનને નામ સ્મરણ, જપ, ભજન કે શુભ ચિંતનમાં પ્રવૃત કરો જેથી અશુભ વિચારોના આંદોલનો મનમાં પ્રવેશી શકે જ નહિં.**

અન્યની ઇર્ષ્યા, નિંદા કે અવગુણ જોવાની આદતમાં મન પ્રવૃત થાય તો તે વ્યક્તિના ગુણો દેખી શકાય જ નહિં. અશુભ વિચારોથી ઘેરાયેલું મન પોતાને અને સામી વ્યક્તિને નુકશાન પહોંચાડે છે. મનના વિચારોને ઉર્ધ્વગામી બનાવવાનો એકમાત્ર ઉપાય છે કે હલકા, અશુભ વિચારોને ઉદ્‌ભવવા જ ન દો. આ કામ જરા અઘરું તો છે જ પણ અશક્ય તો નથી જ. અશુભ વિચારો ઉદ્‌ભવે તો તેના તરફ દુર્લક્ષ સેવો, સજાગ રહો...**આપણામાં રહેલી**

**દુર્વૃતિઓ કામ, ક્રોધ, લોભ, દ્વેષને સદ્‌વૃતિમાં પરિવર્તિત કરવા પ્રયત્ન કરો. મનમાં ક્રોધનો ભાવ ઉદ્‌ભવે તો ક્ષમાનો વિચાર બળવત્તર બનાવો. લોભવૃતિને સ્થાને સંતોષને પ્રબળ બનાવો. મનના ગઢને મજબૂત બનાવો જેથી દુર્વૃતિઓનું દમન તેમાં ગાબડાં ન પાડે.**

મનમાં જો સારા શુભ વિચારોના આંદોલનોનો પ્રવાહ વહેતો હશે તો અશુભ વિચારો આ પ્રવાહમાં તણાઇ જશે. આપણા શુભ વિચારોના આંદોલનો જો પ્રબળ હશે તો અને મનમાં તેની બરાબર જમાવટ અને સજાવટ થઇ ગઇ હશે તો આપણા મનમાં એક વિચાર શક્તિ પેદા થાય છે. આ પ્રબળ વિચાર શક્તિ સંદેશવાહકનું કામ કરી શકે છે. જેના માટે વિચાર કરો તે વ્યક્તિને તે સંદેશો તાત્કાલિક પહોંચી જાય છે.

**“તમે મને મનથી યાદ કરશો તો, મારી હાજરી તમને વર્તાશે”** આવું મેં ઘણા ભક્તોને જણાવ્યું છે અને તેનો અનુભવ તેઓને થાય છે. આ કોઇ ચમત્કાર નથી. વિચારોની પ્રચંડ શક્તિ, વિવિધ સૂક્ષ્મ સ્વરૂપ, આનંદ, સુગંધ, પ્રત્યક્ષતાનો અહેસાસ વિગેરે કરાવી શકે છે.

ભક્ત ભગવાનને અંતરથી પુકારે અને પરમાત્માની શક્તિ ત્યાં સાકાર સ્વરૂપ ધારણ કરી ભક્તને સહાય કરે. દ્રૌપદીના ચીર પૂરવાનો પ્રસંગ, નરસિંહની હૂંડી સ્વીકારવાનો પ્રસંગ આવા તો અનેક પ્રસંગોથી આપણે સુવિદિત છીએ. અશુભ, હલકા, અન્યને, દુ:ખી, હેરાન કરવાના વિચારોની અસર નિર્બળ મનની વ્યક્તિ ઉપર પાડી શકાય છે. આસુરી, તાંત્રિક વિદ્યા, કામણ, ટૂમણ, નજરબંધી વિગેરે આશુભ વિચારોના આંદોલનોનું પરિણામ છે.

વિશ્વનું કલ્યાણ કરવાના વિશ્વબંધુત્ત્વની ભાવના ખીલવવાના વિચારોને જ આપણા મનમાં સ્થાન આપીએ...વિચાર શક્તિનો સદ્‌ઉપયોગ કરતાં આપણે શીખવું જોઇએ. કોઇ સ્નેહી વ્યક્તિની કુટેવ સુધારવી હોય તો તમારા શુભ, પ્રેમાળ વિચારોના આંદોલનો તેના તરફ સતત વહાવતા રહો. પરિણામ શુભ આવશે જ.

શાંત સરોવરમાં કાંકરી ફેંકીએ તો તેમાં તરંગોના વર્તુળો સર્જાય છે. પાણીની ધ્રુજારી જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી તરંગોના વર્તુળોની શૃંખલા રચાતી જ રહે છે. વિચારોના પણ આવા જ તરંગો રચાય છે. મનમાં એક વિચાર ઉદ્‌ભવે એટલે તેને આનુષંગિક બીજા વિચારોનું વર્તુળ રચાતું જ જાય છે. **આપણે અન્ય કોઇ વ્યક્તિ માટે શુભ કે અશુભ વિચાર કરીએ તો તેના તરંગો, આંદોલનો વાયુમંડળમાં પ્રસરીને આપણા વિચારોની એક આકૃતિ રચાય અને સામી વ્યક્તિના વિચાર પ્રદેશમાં કે વાયુમંડળમાં પ્રવેશે અને તે વ્યક્તિને તેની અસર વર્તાય... તેના કાર્યમાં પ્રેરણા મળે, માર્ગદર્શન મળે. શુભ વિચારોના આંદોલનો સામી વ્યક્તિમાં સદ્‌ગુણોનો વિકાસ કરે. અશુભ વિચારોના**

**આંદોલનો તેનામાં દુર્ગુણ, અધોગતિ પેદા કરે.**

સંતોનું સાનિધ્ય, સત્સંગ અને સાત્ત્વિક વાતાવરણથી શાંતિનો અનુભવ થાય છે. સજ્જનો, સંતો, જ્ઞાની અને વિવેકી માણસોનો સહવાસ કેળવવાથી આપણામાં શુભ વિચારોનો પ્રવાહ વહેવા માંડે છે. આવા સાત્ત્વિક વાતાવરણમાં દુર્જન માણસ પણ શિસ્ત અને સંયમથી વર્તવા લાગે છે. સંતના સાત્ત્વિક વિચારો અને આચરણના આંદોલનો સમગ્ર વાયુમંડળને પવિત્ર, શાંત અને આનંદિત બનાવી દે છે. વ્યભિચારી, દુર્જન વ્યક્તિના સહવાસમાં કે તેના વાયુમંડળમાં મન અશાંતિ અનુભવે છે. મન ઉદ્વિગ્ન અને દ્વેષિલું બની જાય છે. તેનું કારણ દુર્જન વ્યક્તિના અશુભ વિચારોના આંદોલનો તેના વાતાવરણને અશુધ્ધ કરી શકે છે. જો અશુભ વિચારો વાળી વ્યક્તિ આવા વાતાવરણમાં આવે તો તેના અશુભ વિચારોને પોષણ મળે છે. સંત, સજ્જન સાત્ત્વિક પુરૂષોને આવું વાતાવરણ કશીજ અસર કરી શકતું નથી. એટલા માટે તો અનાદિકાળથી સત્યનો, સાત્ત્વિકતાનો, દૈવી શક્તિનો આસુરી, અસાત્ત્વિક તત્ત્વો પર હંમેશા વિજય થયો છે.

**તમે જેવા વિચાર કરશો તેવા વિચારવાળી વ્યક્તિઓનો સંગ તમને મળશે. આવી સજાતિય વિચારવાળી વ્યક્તિઓ તરફ તમારું આકર્ષણ અને બનત વધુ રહેશે.**

વર્તમાન જગતની તાતી સમસ્યા, અરાજકતા, દુ:ખ અને રોગ; તેનું મુખ્ય કારણ અધમ અનિષ્ટ વિચારસરણી અને આચરણ ધરાવતા અધમ મનુષ્યો છે. અધમ વિચારોનું વાયુમંડળ રચાતું રહે છે. નિર્બળ મનના મનુષ્યોને અધમ અને અનિષ્ટ તરંગો-આંદોલનોથી ભરેલું વાયુમંડળનું આવરણ ઝડપી લે છે.

**વ્હાલા આત્મીયજનો, આપ સર્વે સાત્ત્વિક વિચારોનું વાયુમંડળ રચો. તમારા વિચારો સાત્ત્વિક અને ઉર્ધ્વગામી બનાવો તમારા સદ્‌ગુણોને પુષ્ટ કરો, અન્યના અવગુણો, દોષો તરફ લક્ષ્ય ન આપો. તમે પ્રેમાળ બનો, ઉદાર બનો, ક્ષમાવાન બનો, તમારા સાત્ત્વિક વિચારના આંદોલનો વાયુમંડળમાં પ્રવાહિત કરો જેથી તમે તમારા આત્મીયજનો, પડોશીઓ, મિત્રવર્તુળને ગુણવાન બનાવી શકશો. વિશ્વશાંતિમાં તમારું યોગદાન આપી શકશો. સાત્ત્વિક સમાજ રચનામાં તમે સહભાગી બની શકશો.**

આપણી આધ્યાત્મિકતાના વિવિધ ક્ષેત્રો યજ્ઞ, મંત્રજાપ, નામસ્મરણ, ભજન, કીર્તન, ધ્યાન, સત્સંગ વિગેરે નો હેતુ સાત્ત્વિક શબ્દો, વિચારોનું વાયુમંડળ રચવાનો છે. આપણા વૈદિક ઋષિમુનિઓની મંત્રશક્તિના પ્રભાવથી આપણએ સહુ સુવિદિત છીએ.

આપ સર્વે આપનાં વિચારોને ઉર્ધ્વગામી બનાવો અને સાત્ત્વિક વાયુમંડળ રચો.

મારા આપ સર્વેને આર્શીવાદ છે.

**ૐ મા ૐ**

# સમાચાર

## : ઉત્સવ ઉજવણી :

### ગુરૂપૂર્ણિમા

**તારીખ :** ૨૪-૦૭-૨૦૦૨ બુધવાર **સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦

### માનવતાદિન

**તારીખ :** ૦૭-૦૯-૨૦૦૨ શનિવાર **સમય :** સવારે ૯-૦૦ થી ૧-૦૦

**બંને ઉત્સવો પર પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળી શકશે.**

**સ્થળ :** પી. જી. મહેતા મેમોરીયલ હોલ, શંકરઆશ્રમ સામે,
રાજનગર બસ સ્ટેન્ડ, પાલડી, અમદાવાદ-૭.

### આસો નવરાત્રિ

આસો નવરાત્રિ તા. ૦૭-૧૦-૨૦૦૨ થી ૧૪-૧૦-૨૦૦૨ આઠ દિવસ સુધી. વિશિષ્ટ ઉપાસના કરવા ઈચ્છતા ભાવિકોને પૂજ્યશ્રી આશીર્વાદ પાઠવે છે.

### નિલોષા પર કાર્યયજ્ઞ બંધ રહેશે.

તારીખ ૨૨-૦૪-૨૦૦૨ થી તારીખ ૧૦–૦૭-૨૦૦૨

તારીખ ૨૪-૦૭-૨૦૦૨ ગુરૂપૂર્ણિમા પ્રસંગે

તારીખ ૦૧-૦૮-૨૦૦૨ થી તારીખ ૦૫-૦૮-૨૦૦૨

### નિલોષા પર કાર્યયજ્ઞ

તારીખ ૧૧-૦૭-૨૦૦૨ થી મુલાકાત ચાલુ થશે.

તારીખ ૨૫-૦૭-૨૦૦૨ થી તારીખ ૩૧-૦૭-૦૨

તારીખ ૦૬-૦૮-૨૦૦૨ થી મુલાકાત ચાલુ થશે.

**ૐમાૐ**

# પૂજ્ય રાજયોગી નરેન્દ્રજીનો વિદેશનો કાર્યક્રમ

## યુ. કે.

| તારીખ | વાર | સમય | સ્થળ | આયોજક | ટેલીફોન |
|---|---|---|---|---|---|
| ૧૮-૫-૨૦૦૨ | શનિવાર | ૪ થી ૭ | ૯, ઓલ્ફીન | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૧૯-૫-૨૦૦૨ | રવિવાર | ૪ થી ૯ | સ્ટ્રીટ લેસ્ટર | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૩૦-૬-૨૦૦૨ | રવિવાર | ૪ થી ૭ | ,, | પ્રદીપ વડેરા | ૦૧૧૬-૨૩૫૪૬૧૧ |
| ૨૨-૬-૨૦૦૨ | શનિવાર | ૩ થી ૫ | બ્રેકફોર્ડ | સવિતાબેન એમ. પટેલ | ૦૧૨૭-૪૫૦૨૬૬૫ |
| ૧૪-૬-૨૦૦૨ | શુક્રવાર | ૨ થી ૪ | ક્રોપડન લંડન | જ્યોતિબેન પરમાર | ૦૨૦૮-૬૭૯૮૬૬૮ |
| ૧૫-૬-૨૦૦૨ | શનિવાર | ૩ થી ૫ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |
| ૧૬-૬-૨૦૦૨ | રવિવાર | ૪ થી ૭ | વેમ્બલી લંડન | અમરતલાલ પોપટ | ૦૨૦૮-૯૦૨૩૦૨૯ |

## અમેરિકા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૫-૨૦૦૨ | શનિવાર | ૪ થી ૭ | યુનીયન સીટી ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૬-૫-૨૦૦૨ | રવિવાર | ૪ થી ૭ | યુનીયન સીટી ન્યુજર્સી | રતિલાલ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫૭૨૮૨ |
| ૨૯-૫-૨૦૦૨ | બુધવાર | ૪ થી ૭ | શેલ્બીવીલટેનીસી | બાલુભાઇ પટેલ | ૯૩૧-૬૮૪૩૧૦૧ |
| ૦૨-૬-૨૦૦૨ | રવિવાર | ૪ થી ૭ | ઈવાન્સવીલ ઈન્ડિયાના | સુરેશભાઈ પટેલ | ૮૧૨-૪૨૪૩૫૬૬ |
| ૦૯-૬-૨૦૦૨ | શનિવાર | ૪ થી ૭ | બારીડજ ઈલીનોઈસ | શીલુભાઈ અગ્રવાલ | ૬૩૦-૪૫૫૯૦૨૬ |

## ભારત

| | | | |
|---|---|---|---|
| ૦૩-૮-૨૦૦૨ | શનિવાર | ૧૨ થી ૪ | વિજયનગર કો. ઓ. સોસાયટી, સુરત. |
| ૦૪-૮-૨૦૦૨ | રવિવાર | ૧૨ થી ૪ | દયાલબાગ આશ્રમ પાસે, મજૂરા ગેટ સુરત. |